May 2022

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Year 17 • Issue 08 / 195
• Mumbai • Page 24 • Price Rs. 2/-
• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 • 22811218 • Mobile: 8779161209 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



મારા સ્નેહી મિત્રો !

જય જિનેન્દ્ર, આપ સહુની ક્ષેમકુશળતા ચાહું છું.

મુંબઈ ભારતનું સાંસ્કૃતિક, આધ્યાત્મિક શહેર ગણાય છે, તો ધંધાકીય જગતમાં મુંબઈને ભારતની નાણાંકીય રાજધાની તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ અંગત રીતે લાગે છે કે સમગ્ર ગુજરાતમાં આપણું પાટણ ગૌરવવંતુ, સાંસ્કૃતિક, આધ્યાત્મિક શહેર છે. આ શહેરની પ્રજા એટલે કે આપણે પટણીઓ પ્રાચીનકાળથી પ્રબુદ્ધ નગરીની પ્રબુદ્ધ પ્રજા તરીકે ઓળખાઈએ છીએ.

પાટણની સમૃદ્ધિનું મુખ્ય કારણ આપણા ૧૦૮થી અધિક પ્રાચીન જિનાલયો જે શિલ્પ સ્થાપત્યનો અદ્‌ભુત નજારો છે. તીર્થમાં ગણના થાય છે. પરમ પૂજ્ય સર્વજ્ઞ **શ્રી કલિકાલ હેમચંદ્રાચાર્યના** આશીર્વાદ અહીંની ધરા પર આજે પણ વરસી રહ્યા છે. અતિમૂલ્યવાન જ્ઞાનભંડાર સૌથી મોટી અણમોલ સંપત્તિ છે તો રાણકીવાવને હેરિટેજનો દરજ્જો મળ્યો છે, આ પવિત્ર ભૂમિએ અનેક રત્નો જિનશાસનને ચરણે અર્પિત કર્યા છે.

આ મહાન માતૃભૂમિ વતનની સંસ્થા ''શ્રી પાટણ જૈન મંડળ'' જેમાં ભૂતપૂર્વ અનેક મહાનુભાવોએ એક બીજ રોપીને મોટું લીલુછમ વૃક્ષ બનાવીને આપણને વારસામાં વધારે સીંચન કરવા આપ્યું છે, તો મારા સર્વે સાથી મિત્રો અને સમાજના દરેકે દરેક પરિવારનાં સભ્યોને આપણા અભિયાનમાં – પ્રેમથી આમંત્રણ આપું છું. **''કદમ થી કદમ મિલાવીને. સાથી હાથ બઢાના''** જેવા સૂત્રો દ્વારા એક નવી વૈચારિક ક્રાંતિ લાવીએ અને એક આદર્શ સમાજનું નવસર્જન કરીએ માત્ર મુંબઈ કે મુંબઈના પરામાં રહેતાં પરિવારો અને સાથે દેશ-વિદેશમાં વસતાં આપણાં જ પરિવારો આ અભિયાનમાં સાથે જોડાઓ.

તા. ૧૪ મે, ૨૦૨૨ શનિવારના રોજ શ્રી પાટણ જૈન મંડળ હોલમાં મળેલી કાર્યવાહક સમિતિની મિટિંગમાં મોટી સંખ્યામાં વિવિધ કમિટિના બધાજ માનવંતા ટ્રસ્ટીઓ, કમિટિનાં સભ્યોની ઉપસ્થિતિ જોઈને ખુબજ આનંદ થયો. જે ઉત્સાહ અને ઉમંગથી, હોંશથી ને જોશથી બધાએ ભાગ લીધો તે બદલ હું આપ સર્વેનો દિલથી આભાર માનું છું.

મિટિંગની શરૂઆતમાં પંચ પરમેષ્ઠિનાં માંગલિક બાદ **શ્રીમતી ભારતીબેન શાહે** એક નાનકડા 'બોબી'ની હૃદયસ્પર્શી ઘટનાનું વર્ણન કર્યું ત્યારબાદ એકજ સમયે પ્રમુખ ડેસ્કથી મારા દ્વારા વિવિધ સ્કીમની દાનની અપીલ રજૂ કરતાં મને જણાવતાં અનહદ આનંદ અને ગર્વનો અનુભવ થાય છે કે **આપણે આજેજ રૂા. ૧ કરોડ ભેગા કર્યા છે પણ તે સમાજ માટેના જે કામો કરવાના છે તેમાં આપણને ૫ કરોડ રૂપિયાથી વધારે ફંડની જરૂર છે. દાનવીર દાતાઓની અનુમોદના સાથે આભાર.**

ટ્રસ્ટી **શ્રી ભરતભાઈ નેમચંદ શાહે** ખૂબજ સરળ અને સુંદર શૈલીમાં પોતાના વિચારો રજૂ કરતાં બહુ જ સારી વાત કરી કે આપણે પાટણનાં સાધર્મિક એવા ૧૦૦ પરિવારો જેઓને આર્થિક રીતે સક્ષમ બનાવવા છે, તેના માટે હેલ્પીંગ હેન્ડ બનવું જોઈએ.

**શ્રી ભરતભાઈના** આ વિચારો દ્વારા તન-મન-ધનના સંગમથી જો બધાનો સાથ મળી રહે તો જરૂરથી આ કામ થઈ શકે તેમ છે.

મેડિકલ કમિટિ દ્વારા એક વિચાર પ્રસ્તુત કરવામાં આવ્યો છે. સમાજમાં જે ભાઈ/બહેનો સિનિયર સિટિઝન હોય અને એકલા રહેતા હોય તેમની વય મર્યાદા મુજબ **''મેડિક્લેઈમ પોલીસી''** લેવી જોઈએ. આ બાબત ''વર્ક આઉટ'' કરીને એક પ્લાન તૈયાર કરવામાં આવશે.

તા. ૮ મે, ૨૦૨૨ રવિવારના રોજ શ્રીમતી રશ્મીબેન પૃથ્વીરાજ ચંદુલાલ શાહના સહયોગથી આજીવાસન હોલમાં આયોજિત થયેલ **''યૂથ એમ્પાવરમેન્ટ''નો** કાર્યક્રમ આ કમિટિના કન્વીનર **શ્રી નિખિલ એમ. શાહે** સભામાં જાણકારી આપતાં કહ્યું કે, ૩૦૬ યૂથની ઉપસ્થિતિ સાથે અદ્‌ભુત સફળતા પ્રાપ્ત થઈ છે. આપણા આમંત્રણને માન આપીને **શ્રી સિદ્ધાર્થ શાહ, શ્રી મહેન્દ્રભાઈ તુરખીયાનો** આભાર. બધા જ કમિટિ સભ્યોએ સંપૂર્ણ જવાબદારી ઉપાડીને પહેલાં જ કાર્યક્રમને સફળતા અપાવી યશકલગી મેળવી છે. **શ્રી નિખીલભાઈ શાહ અને શ્રી હિતેશભાઈ જે. શાહ** સાથે સંપૂર્ણ કમિટિને ધન્યવાદ...

વુમન્સ એમ્પાવરમેન્ટ તરફથી **શ્રીમતી હિનાબેન શાહે** તેમના

વધુ માટે જુઓ પાના નં. ૩

## તંત્રી સ્થાનેથી...

# પાટણે નિહાળ્યો ૬૨મો ગુજરાત ગૌરવ સ્થાપના દિવસ

પાટણ એટલે પ્રત્યેક પડકાર અને હૃદયના ધબકારાની અનુપમ અદ્વિતિય ધરોહર. વિવિધ ક્ષેત્રે અનેકવિધ વિશિષ્ઠ સિદ્ધિઓ પ્રાપ્ત કરી વિકાસ અને વિશ્વાસનો સમગ્ર વિશ્વને પરચો બતાવ્યો. ભારતના કર્ણધાર કર્મવિર **વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીની** દૂરંદેશી તથા કાર્યકરણીને પ્રતાપે ઔદ્યોગિક અને સામાજિક ગતિને બરકરાર રાખીને કોરોનાની મહામારી થકી સમસ્ત રાષ્ટ્ર વ્યથિત હોવા છતાં સમગ્ર વિશ્વના ચાલક બળ બની ભારત ઉભરી આવ્યું. વિશ્વભરના પ્રબુદ્ધોએ ભારત તેમજ ગુજરાત સહિતના વિવિધ રાજ્યોને દિલથી પોંખ્યા અને વખાણ્યા. સૌની સાથે સૌના વિકાસ અને સૌના વિશ્વાસની ટેગ લાઈનને પોતાના દેશ માટે લક્ષમાં રાખી વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને વિશ્વનેતા તરીકે માન-સન્માન સાથે બિરદાવ્યા.

મહાગુજરાતનું આંદોલન છેડી ૮મી ઓગસ્ટ ૧૯૫૬ થી હાલ પર્યંત ગુજરાત વૈશ્વિક સ્તરે અદકેરા કલાકૌશલ્ય, કર્મ, ધર્મ અને અપૂર્વ મહેનતથી પ્રગતિના નવા સીમાચિન્હો સર કરી રહ્યું છે.

૧લી મે ૨૦૨૨ના સપરમે દિવસે પાટણની ગરિમા, ગર્વ અને ગૌરવની જનતાએ અભૂતપૂર્વ સાક્ષી પૂરી.

આ અગાઉ ઐતિહાસિક પાટણ નગરને પૂર્વ મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આયોજિત અનન્ય સાંસ્કૃતિક અને રંગારંગ કાર્યક્રમ, ત્યારબાદ પૂર્વ મુખ્ય મંત્રી અને વર્તમાન ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ દ્વારા યોજાયેલ રાજ્યકક્ષાના સ્વતંત્ર દિવસની ઉજવણી થકી પાટણને રાજકીય કેન્દ્રબિંદુ બનાવવાનો પ્રયત્ન થયો હતો. હાલ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં વર્તમાન મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા રાજ્યકક્ષાનો ગુજરાતનો ૬૨મો જન્મદિવસ ખુશનુમાં વાતાવરણમાં ઉજવાયો.

નવી ખોદકામ કરેલ વાવમાં રોકડિયા હનુમાન મંદિર ૭૫૦૦ દિપકની રોશનીથી આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું તથા મહાઆરતીએ તેમાં નવું છોગું ઉમેર્યું. શિવજીની મહાઆરતી બાદ ડાયરાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

- ત્રણ દરવાજાથી રેલવે સ્ટેશન સુધી ઉભી બજારમાં **તારક મહેતાના ઉલટા ચશ્માની અભીનેત્રી અંજલિ મહેતાએ** રોડશોમાં ભારે ઉત્સાહિત લોકોનું અભિવાદન ઝીલ્યું હતું.
- સીમાજન કલ્યાણ સમિતિ તથા પાટણ રાઈડર સાઈક્લિંગ ક્લાસ દ્વારા **સાઈક્લિંગ રાઈડનું** આયોજન કરવામાં આવ્યું હતું.
- ધારાસભ્ય હિતેનભાઈ કનોડિયા તથા મનોથીબાએ લોકગીતો તથા જુના ગીતોની રમઝટ બોલાવી હતી. વહિવટી તંત્ર, ભાજપના નેતાઓ સહિત શહેરીજનોએ કાર્યક્રમને ઉત્સાહ પૂર્વક માણ્યો હતો. મહેશ તથા નરેશ કનોડિયાને લોકોએ ભાવાંજલિ આપી હતી.
- ગુજરાત રાજ્યના ૬૨માં સ્થાપના દિવસે શહેરના રાજમાર્ગ ઉપર ઠેરઠેર કમાનો રચવામાં આવી હતી. રંગારંગ કાર્યક્રમોના આયોજનો, રાણીનો મહેલ, સિદ્ધરાજ જયસિંહની પ્રતિમાં, ઉત્તર ગુજરાત હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી, કલેક્ટર ઓફિસ મહાત્માગાંધી મેમોરિયલ, જિલ્લા પંચાયત વિગેરેને નિયોન લાઈટથી તથા તોરણોથી શણગારવામાં આવ્યા હતા. અદભૂત નઝારાને જોવા અને માણવા હકડેઠઠ મેદની ઉમટી પડી હતી. વાઈબ્રન્ટ ગુજરાતના પ્રગતિશીલ પાટણની જાહોજલાલીના સાક્ષી બની લોકો મુક્ત મને માણી રહ્યા હતા.

ગીત-સંગીતની રસલહાણ થઈ રહી હતી. ઘર ઘર અને શેરીએ શેરીએ તથા મહોલ્લે મહોલ્લે દીપ - પ્રદિપ ઝળહળા પ્રગટી રહ્યા હતા. સહસ્ત્રલીંગ તળાવ અને રાણકીવાવ નયનરમ્ય લાગી રહ્યા હતા. વંદે માતરમ અને જયભારતનો નાદ ગૂંજી રહ્યો હતો. ફ્લેગ માર્ચ તથા પોલીસ પરેડ લોકોનું ધ્યાન ખેચી રહી હતી. સમસ્ત પાટણ નગરી સ્વર્ગથી ઉતરી આવેલી સોળે શણગાર સજેલ નવોઢા જેવી લાગતી હતી.

**❑ મહેન્દ્ર એન. શાહ (ગુંદરવાલા)**
**સંપાદક સમિતિ**







**પાના નં. ૧ થી ચાલુ**

આગામી કાર્યક્રમો વિશે જાણકારી આપી હતી. તેઓએ જોબ બેન્ક એપ્લિકેશન બનાવવાનું કાર્ય શરૂ કર્યું છે. મોબાઈલ એપ્લિકેશન લર્નીંગ તથા યોગા વિશેનાં નવા કાર્યક્રમોની માહિતી આપ સહુને મોકલવામાં આવશે.

મંડળના માનવંતા પૂર્વ પ્રમુખ **શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહે** કમિટીને સંબોધીને કહ્યું, ''આટલી વિશાળ હાજરી જોઈને મને ખુબજ આનંદ થયો છે. કાર્યકરોનો ઉત્સાહ જરૂરથી આપણી સંસ્થાના વિકાસમાં નોધનીય ફાળો આપશે.''

મંડળના ઉપપ્રમુખ **શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ** દ્વારા શિક્ષણ, મેડિકલ તથા સમાજ ઉત્કર્ષ સહાયની અત્યારસુધી મંજુર થયેલ રકમોની જાણકારી આપવામાં આવેલ હતી.

મંડળના ઉપપ્રમુખ **શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહે** વસ્તીપત્રક બાબતેની વિગતવાર માહિતી આપી હતી અને વહેલી તકે ફોર્મ ભરીને મોકલી આપવા વિનંતી કરી હતી.

મંડળના ઉપપ્રમુખ **શ્રી રોહીતભાઈ એમ. શાહે** તા. ૧૨મી જૂન ૨૦૨૨ના મ્યુઝિકલ પ્રોગ્રામ જે બિરલા માતુશ્રીમાં આયોજન થનાર છે તેના વિશે માહિતી આપી હતી.

**શ્રી હેમંતભાઈ જિતેન્દ્રભાઈ શાહે** મેડિક્લેઈમ પોલીસી બાબત વિગતવાર માહિતી આપી હતી.

દિશા કમિટી દ્વારા ''ગેટ-ટુ-ગેધર''નો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. મારી સાથે વાઈસ પ્રેસિડન્ટ શ્રી હિતેનભાઈ ચંપકલાલ વિમાવાળા તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. તેઓને પણ શ્રી પાટણ જૈન મંડળ તરફથી યોગ્ય સાથ સહકાર મળતો રહેશે તેવી બાહેંધરી આપી હતી.

**પાટણ ખાતેની શ્રુતજ્ઞાન - સિદ્ધહેમ જ્ઞાનપીઠ** માટે પણ નવી યોજનાઓ તૈયાર કરવાની ઈચ્છા છે, આ કમિટિમાં જોડાયેલા બધાજ સભ્યો શ્રુતજ્ઞાનના પ્રેમી છે. આ જ્ઞાનપીઠમાં આચારના ચુસ્ત અને કડક પાલન દ્વારા જૈન સાધુ-સાધ્વીઓએ ભગવાન મહાવીરના સમયથી ચાલી આવતી પરંપરાને ત્યાં અભ્યાસ કરીને શ્રમણ પરંપરાને અખંડિત જાળવી રાખી છે. આજે પણ દેશ વિદેશથી અનેક જ્ઞાનપિપાસુઓ પણ ત્યાં અભ્યાસ કરવા આવે છે.

આ અમૂલ્ય વારસો આપણાં પુણ્યોદયથી પરમ પૂજ્ય કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય પાસેથી પ્રાપ્ત થયો છે.

''અત્યાર સુધી આપણે આપણા હાથનો ઉપયોગ ભગવાનને બે હાથ જોડી પગે લાગવામાં જ કર્યો છે,'' હવે આ જ હાથનો ઉપયોગ શ્રુતજ્ઞાન સિદ્ધહેમ જ્ઞાનપીઠ માટે કરવાનો એ આપણા સહુની એક કર્તવ્યનિષ્ઠ ફરજ છે.

મને શ્રદ્ધા છે કે, શ્રુતજ્ઞાનના પૂજક એવા ધર્મપ્રિય, જ્ઞાનપ્રિય સમાજ તરફથી આપણા આ કાર્યને હુંફાળો સહયોગ મળશે તેવી મને જરૂરથી ખાતરી છે.

❑ **દાનેશ વિનોદચંદ્ર શાહ**
**(માટલીવાળા)**

## શ્રી પાટણ જૈન મંડળ
## જીવન મહેક સમિતિ: ડિજીટલ મહેક ફ્રેન્ડશીપ ગ્રુપ

**નવી સોચ, નવા જોશ અને નવા ઉમંગ સાથે** શ્રી પાટણ જૈન મંડળ જીવન મહેક સમિતિ સમાજમાં રહેલા ૨૧ વર્ષથી ૪૫ વર્ષ સુધીના અપરિણિત યુવક યુવતીઓ માટે એક Digital Mahek Friendship Group લઈને આવ્યું છે.

આ ફ્રેન્ડશીપ ગ્રુપનો અર્થ એટલે યુવક-યુવતીઓ માટેનું સામાજીક પ્લેટફોર્મ અને પોતાના લાઈફ પાર્ટનરની સરળતાથી પસંદગી.

આ ગ્રુપમાં જોડાવવા અંગેનું અનિવાર્ય ફોર્મ મૂળ પાટણ સંતાનના પરિવારમાંથી કોઈપણ ભરી શકશે.

આ ફોર્મ શ્રી પાટણ જૈન મંડળની વેબસાઈટ

www.patanmandal.org ઉપર પણ મળી શકશે.

ગુગલ ફોર્મ માટેની લીંક

https://bit.ly/pjmjeevanmahek

********

Physical Forms are available in all branches

**વધુ વિગત માટે સંપર્ક :**

શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વીમાવાળા) ઉપપ્રમુખ - મો. ૯૩૨૩૭૪૨૭૮૯
શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહ (માનદમંત્રી) મો. ૯૩૨૩૯૫૩૭૭૯
શ્રીમતી હેમાબેન દર્શનભાઈ શાહ (માનદમંત્રી) મો. ૯૭૬૯૩૬૯૧૯૬
શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહ (માનદમંત્રી) મો. ૯૮૧૯૦૦૭૪૬૯
શ્રીમતી રાગીણીબેન ભરતભાઈ શાહ (સહમંત્રી) મો. ૭૦૨૧૮૧૭૬૧૯

❑ **જીવન મહેક સમિતિ**

## પાટણના સર્વે જિનાલયોના ટ્રસ્ટીઓ સાથે સંયુક્ત સભા

શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત **શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ, પાટણ** ખાતે ચાતુર્માસ કે શેષકાળ દરમ્યાન વિચરતા સાધુ-સાધ્વીજી ભગવંતો તેમજ મુમુક્ષુઓને શ્રુતજ્ઞાન પ્રદાન ઉપલબ્ધ કરાવી શકાય તેવા શુભ આશયથી સને ૧૯૯૯માં પાટણ ખાતે મંડળ દ્વારા શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠની સ્થાપના કરેલ છે. તે અંગેની વિસ્તૃત માહિતી આપી શકાય તેવા શુભ આશયથી પાટણ ખાતે વર્તમાનમાં વિદ્યમાન એકસોથી અધિક જિનાલયોના આ ટ્રસ્ટીઓ, વહીવટદારો તથા મંડળના હોદ્દેદારોની એક સંયુક્ત સભાનું નીચેની વિગતે આયોજન કરવામાં આવેલ છે, જેમાં બહોળી સંખ્યામાં આપશ્રીને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**દિનાક : શનિવાર, તા. ૨૫-૦૬-૨૦૨૨**
**સમય : સાંજે ૫.૩૦ કલાકે**
**સ્થળ : શ્રી પાટણ જૈન મંડળ**
**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ કોમ્યુનિટી હોલ,**
**ગ્રાઉન્ડ ફ્લોર, ૭૭, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦૦૨૦**

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

## શ્રી પાટણ જૈન મંડળ

**શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર મણીલાલ ઝવેરી (સાહેબા)**
**સાંસ્કૃતિક પ્રવૃત્તિ નિધિ પ્રેરિત..... પ્રોગ્રામ સમિતિ આયોજીત**

# સુહાના સફર

**૧૯૬૦-૨૦૨૨ની સંગીત સફર યાત્રા**
**બહુમુખી પ્રતિભા ધરાવતા**
**અમીત સિન્હા અને ગ્રુપ**

## રવિવાર, તા. ૧૨ જુન ૨૦૨૨

*સ્થળ: બિરલા માતુશ્રી સભાગૃહ, મરીનડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦*
*સમય : સાંજે ૭.00 થી....*
*ચૌવીહાર સમય સાંજે ૫.30 થી ૬.30 કલાકે*

**ડોનેશન પાસ રૂા. ૪૦૦/- રૂા. ૩૦૦/- રૂા. ૨૦૦/- રૂા. ૧૦૦/-**
**વહેલો તે પહેલો ના ધોરણે આપવામાં આવશે.**

**કાર્યક્રમના વિશાળ ખર્ચને પહોંચી વળવા નીચે મુજબના શુભેચ્છક દાતાઓ આવકાર્ય છે.**

| | |
|---|---|
| રૂા. ૫૦,૦૦૦/- કાર્યક્રમ સુવર્ણ સહાયક દાતા | ૬ કોમ્પ્લીમેન્ટરી પાસ |
| રૂા. ૨૫,૦૦૦/- કાર્યક્રમ રજત સહાયક દાતા | ૪ કોમ્પ્લીમેન્ટરી પાસ |
| રૂા. ૧૦,૦૦૦/- કાર્યક્રમ શુભેચ્છક દાતા | ૨ કોમ્પ્લીમેન્ટરી પાસ |

**વિશેષ નોંધ:**

- આ કાર્યક્રમના પાસ વિતરણમાં આ વખતે ચાર, ત્રણ, બે તથા એક એક પાસના બંધ કવર કાર્યાલયમાં રાખવામાં આવશે.
- જેને ફાળે જે કવર આવશે તે મુજબ જ સીટ ઉપર બેસવાનું રહેશે. જેમાં કોઈ ફેરફાર કે બદલી થઈ શકશે નહીં.

**ડોનેશન કાર્ડ વિતરણ**

શ્રી પાટણ જૈન મંડળના મુખ્ય કાર્યાલય ખાતેથી
તા. ૦૧-૦૬-૨૦૨૨થી સવારે ૧૧.૦૦ થી ૧.૩૦ અને ૨.૩૦ થી ૬.૦૦ દરમ્યાન મળી શકશે.

**આ પ્રસંગે સંસ્થાને પોતાનો ફ્લેટ તથા ગેરેજ ભેટ આપનાર સન્માનનીય શ્રીમતી પન્નાબેન સોનાવલાના વીલના એક્ઝીક્યુટરોએ આપેલ અમુલ્ય યોગદાન બદલ તેઓનું અભિવાદન કરવામાં આવશે.**

## શ્રી પાટણ જૈન મંડળ - જીવન નિર્વાહ સહાય યોજના

દિનપ્રતિદિન વધતી જતી મોંઘવારીને પરિણામે સામાન્ય આવક ધરાવનાર પરિવારોને આવક - ખર્ચના બે છેડાઓ સરખા કરવા દૂષ્કર બનતુ જાય છે, તેવા સમયે સંસ્થા દ્વારા **''જીવન નિર્વાહ સહાય યોજના''** સાકાર કરવામાં આવેલ છે, જેની મુખ્ય વિગત નીચે મુજબ રહેશે.

૧. આ યોજના અંતર્ગત : રૂા. ૩૧ લાખનું દાન આપનાર ''મુખ્ય દાતા'' તરીકે રહેશે.
૨. રૂા. ૧૧ લાખનું દાન આપનાર ''સહાયક દાતા'' તરીકે રહેશે.
૩. સદરહુ રકમ સંસ્થામાં જીવન નિર્વાહ સહાય ભેટ તરીકે જમા લેવામાં આવશે.
૪. સંસ્થામાં સહાય મેળવવા અંગે આવતી અરજીઓ માંથી વધુ આર્થિક જરૂરિયાતવાળા, મૂળ પાટણના જૈન પરિવારોને તેમના જીવન નિર્વાહ માટે આર્થિક સહાય તેમજ દવા સારવાર સહાય આપવામાં આવશે. દાનની સંપૂર્ણ રકમ કોરપસ ફંડમાં જમા નહીં લેતા જે તે નાણાંકીય વર્ષમાં જ ઉપર જણાવ્યા અનુસાર સહાયમાં વાપરવામાં આવશે.
૫. આ યોજનાની રકમ ફાળવવા માટે એક અલગ સમિતિની રચના કરવામાં આવશે. તેમાં રૂા. ૧૧ લાખથી ઉપરના દાતા પરિવારમાંથી એક સભ્ય કમિટિમાં રહેશે.
૬. આ યોજના અંતર્ગત CSR માંથી રકમ આપનાર દાતાને તે અંગેનું સર્ટિફિકેટ આપવામાં આવશે.
૭. આ દાન યોજના અંતર્ગત રૂા. ૩૧ લાખનું દાન આપનાર દાતા પરિવારના સાત સભાસદોને તથા રૂા. ૧૧ લાખનું દાન આપનાર દાતા પરિવારના ત્રણ સભાસદોને વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ તરીકેના હક્ક આપવામાં આવશે.
૮. દાતાશ્રીના નામ બારમાસ સુધી પ્રતિબિંબમાં પ્રકાશિત કરવામાં આવશે.
૯. દાનની રકમ પૂર્ણ થતાં પ્રતિબિંબમાં તથા વાર્ષિક અહેવાલમાં એક વખત દાતાશ્રીનો ફોટો છાપવામાં આવશે.
૧૦. CSR સિવાયના પ્રાપ્ત થતાં દાન ઈન્કમટેક્ષ કલમ ૮૦જી અન્વયે ૫૦ ટકા કરમાફી ને પાત્ર રહેશે.

**નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી હાલ તુરત એક વર્ષ માટે ભેટની રકમ આપવાનું સ્વીકારાયેલ છે.**

**(બીજા વર્ષ માટે પણ સંભવતઃ સંમતિ આપેલ છે)**

**રૂા. ૩૧ લાખના મુખ્યા દાતા**

૧. રૂા. ૩૧ લાખ શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)
૨. રૂા. ૩૧ લાખ શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ પરિવાર (ઢંઢેરવાડો)

**રૂા. ૧૧ લાખના સહાયક દાતા**

૧. રૂા. ૧૧ લાખ શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાળા પરિવાર (કનાસાનો પાડો)
૨. રૂા. ૧૧ લાખ શ્રીમતી કાનલબેન હિતેશભાઈ શાહ પરિવાર (કપુર મહેતાનો પાડો)

❑ શ્રી પાટણ જૈન મંડળ


એપ્રિલ-૨૦૨૨, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પુણ્યશાળીઓ

# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

મુંબઈ કાર્યાલયઃ- ૩૧૮ પ્રસાદ ચેમ્બર્સ, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોનઃ (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ: શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬

| | | | |
|---|---|---|---|
| Renaissance Foundation | ૫,૦૦,૦૦૦ | શ્રી રાજેન્દ્રભાઈ રસિકલાલ શાહ, કાંદિવલી (રસવંતીબેનની સ્મૃતિમાં) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી રમીલાબેન કીરીટકુમાર શાહ નંદરબારવાલા, ડંકમહેતાનો પાડો | ૧,૦૦,૦૦૦ | શ્રી ધીરેનભાઈ હસમુખલાલ શાહ, અબજી મહેતાનો પાડો | ૧૧,૦૦૦ |
| હ. શ્રી ભાવિનભાઈ સેવંતીલાલ દોશી | | શ્રી પ્રકાશભાઈ મહાસુખલાલ શાહ, અબજી મહેતાનો પાડો | ૧૧,૦૦૦ |
| શ્રી સુચેતાબેન સૌમીલભાઈ શાહ | ૫૧,૦૦૦ | Iide Education Pvt. Ltd. | ૧૧,૦૦૦ |
| શ્રી મહેશ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ | ૩૭,૦૦૦ | શ્રી હસમુખભાઈ મહાસુખલાલ શાહ, અબજી મહેતાનો પાડો | ૧૧,૦૦૦ |
| Pack-Print Ind. અબજી મહેતાનો પાડો | ૩૬,૦૦૦ | શ્રી રમીલાબેન ચીમનલાલ પરીખ, વસાવાડો | ૧૧,૦૦૦ |
| શ્રી અમૃતબેન મણિલાલ શાહ, હ. ડૉ. પંકજભાઈ ગોરેગામ | ૨૫,૦૦૦ | હ. શ્રી મીનાબેન જનકભાઈ | |
| શ્રીમતી વિશાખાબેન શિરીષભાઈ શાહ | ૨૫,૦૦૦ | Coral Freight Systems Pvt. Ltd. | ૧૧,૦૦૦ |
| પરાગ ચેરીટેબલ ટ્રસ્ટ | ૧૫,૦૦૦ | શ્રીમતી વિશાખાબેન શિરીષભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| અરીહંત આરાધક ટ્રસ્ટ, રતનનગર, બોરીવલી | ૧૫,૦૦૦ | શ્રી ભરતભાઈ પરીખ | ૧૦,૦૦૦ |
| શ્રી પાર્શ્વ નિતુલભાઈ શાહ | ૧૧,૫૧૧ | શ્રી ચંદુલાલ શાહ, વખતજીની શેરી | ૧૦,૦૦૦ |
| શ્રી અરૂણભાઈ સુંદરલાલ શાહ, તંબોલીવાડો, વિલેપાર્લા | ૧૧,૦૦૦ | હ. શ્રી ફિરોઝભાઈ શ્રી અનિશભાઈ | |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત

# શ્રી સિદ્ધ-હેમ-જ્ઞાનપીઠ

ઠે. શ્રી દિવાળીબાઈ ભવન, ગોળ શેરી, પાટણ - ૩૮૪૨૬૫ (ઉ.ગુજરાત)

## શ્રુતજ્ઞાન-પ્રાપ્તિ માટેનું ઉત્કૃષ્ટ સ્થાન

**છેલ્લા ૨૫ વર્ષથી આ સંસ્થા દ્વારા શ્રુતજ્ઞાનની અવિરત ઉપાસના થઇ રહી છે.**

(૧) ધ્યાનશતક ટીકા (૨) યોગશતક ટીકા (૩) કર્મગ્રંથ ટીકા (૪) સિદ્ધહેમ શબ્દાનુશાસન (લઘુ-વૃત્તિ વ્યાકરણ) (૫) ત્રિષષ્ઠિ વાંચન (૬) ઉપમિતિ ભવ પ્રપંચા કથા (૭) નવતત્ત્વ અર્થ (૮) તત્ત્વાર્થાધિગમ સૂત્ર ટીકા (૯) પ્રશમરતિ ટીકા (૧૦) અભિનવ પ્રાકૃત વિજ્ઞાન પાઠમાળા (૧૧) અભિધાન ચિંતામણિ (૧૨) શાલિભદ્ર મહાકાવ્ય ઇત્યાદિ ગ્રંથોનો અભ્યાસ અનુભવી તથા પીઠ પંડિતવર્યોના નેજા હેઠળ ચાલી રહ્યો છે.

⊙ ઉપરના વિષયો ઉપરાંત ચાલુ સત્રથી ન્યાયદર્શનમાં - તર્કસંગ્રહ, ન્યાયભૂમિકા, સિદ્ધાંત મુક્તાવલિ વગેરે તથા યોગના ગ્રંથોમાં - યોગદષ્ટિ સમુચ્ચય, યોગવિંશિકા, ષોડશક વગેરે જેવા વિષયો ભણાવવાનો પ્રબંધ કરેલ છે. જેને લાભ લેવા વિનંતી.

**(નોંધ : આ ઉપરાંત કોઈ ચોકકસ વિષયો ભણવાની ભાવના હોય તો તેની વ્યવસ્થા થઇ શકશે.)**

**હાર્દિક વિજ્ઞપ્તિ : શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરનાર જ્ઞાન પિપાસુ આપની જાણમાં હોય તો પાટણ ખાતેની જ્ઞાનપીઠમાં અભ્યાસાર્થે આવવા પ્રેરણા કરશોજી.**

- ચાતુર્માસ કે સ્થિરવાસ દરમ્યાન અનેક શ્રમણ-શ્રમણી ભગવંતો, શ્રાવકો, શ્રાવિકાઓ તથા મુમુક્ષુ ભાઈ-બહેનોનો આ સંસ્થાને લાભ પ્રાપ્ત થાય છે.
- પાટણ ખાતે પૂ. શ્રમણ-શ્રમણી ભગવંતો સાધુ-આચારને સારી રીતે પાળી શકે તેવા ઉપાશ્રયો વિદ્યમાન છે.
- આ સંસ્થા દ્વારા કોઈ પણ પ્રકારે ફી લેવામાં આવતી નથી.
- મુમુક્ષુ ભાઈ-બહેનો માટે રહેવા તથા ભોજનની નિઃશુલ્ક વ્યવસ્થા સંસ્થા મારફત કરી આપવામાં આવે છે.
- વિદ્યાભ્યાસ માટે ધાર્મિક પુસ્તકોની વ્યવસ્થા સંસ્થા મારફત થાય છે.
- શ્રી પંચાસરા પાર્શ્વનાથ આદિ પ્રાચીન જિનબિંબોથી મંડિત પ્રાચીન નગરી પાટણ ખાતે એકસોથી અધિક તીર્થ-તુલ્ય જિનાલયો વિદ્યમાન છે. તેના દર્શન-વંદન-પૂજનનો લાભ પણ પ્રાપ્ત થઈ શકે છે.
- આ સંસ્થામાં શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરીને ૩૬ મુમુક્ષુઓએ મહાભિનિષ્ક્રમણના (ચારિત્રના) મંગળ માર્ગે પ્રયાણ કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.

**આવો... પધારો...પાટણ ખાતેની અમારી સંસ્થામાં વિદ્યાભ્યાસ માટે**

**સંપર્ક**

| | પ્રાધ્યાપકો |
|---|---|
| યતિનભાઈ ઝવેરી : ૯૨૨૩૨૩૧૪૭૦ | પંડિત ધનંજયભાઈ જૈન - ૯૨૭૬૮૨૩૪૮૮ |
| કમલેશભાઈ ઝવેરી : ૯૮૨૦૦૭૦૯૮૧ | પંડિત રાજેન્દ્રભાઈ છેડા - ૮૭૭૯૯૧૭૯૧૯ |

# આપણી માતૃ સંસ્થા સાથે દાતા તરીકે જોડાવવાનો અપૂર્વ અવસર...

સુજ્ઞ દાતાશ્રી,

સને ૧૯૧૨માં શિક્ષણના સર્વાંગી વિકાસના ઉચ્ચ લક્ષ્યાંક સાથે સ્થપાયેલ આપણી માતૃ સંસ્થા શ્રી પાટણ જૈન મંડળ સમાજના પરિવારોને માત્ર શિક્ષણ જ નહીં પરંતુ મેડિકલ, તેમજ સમાજ ઉત્કર્ષ ક્ષેત્રે સહાયક થતું રહ્યું છે.

દિન પ્રતિદિન વધતી જતી મોંઘવારી તથા ઘટતા જતાં વ્યાજના પરિણામે મંડળ ઈચ્છવા છતાં પણ દરેક અરજદારોની પૂર્ણ સહાયની માંગણી સંતોષી શકવા અસમર્થ છે. તેમ છતાં સમાજના આજી માજી હોદ્દેદારો દ્વારા વૃદ્ધજન સહાય, મહિલા ઉત્કર્ષ સહાય, વિધવા સહાય, આર્થિક સહાય જેવી સમાજ ઉત્કર્ષ સહાય કે યોજના અન્વયે જરૂરિયાતમંદ પરિવારોની સહાયની વધુમાંવધુ માંગણી સંતોષવા વધુ જોશ ભેર કદમ ઉપડ્યા છે.

આવા સમયે સમાજનો નાનામા નાનો માણસ પણ ''ફુલ નહીં તો ફુલની પાંખડી'' સમાન આર્થિક યોગદાન આપી આપણી માતૃ સંસ્થાનો ''દાતા'' હોવાનો ગૌરવ મેળવી શકે તે માટે સંસ્થા દ્વારા માસિક માત્ર રૂા. ૧૦૦૦/- ના દાનની યોજના સમાજ સમક્ષ રજુ કરવામાં આવેલ છે, જે ઉત્સાહભેર જોડાઈ આપણા આંગણે આવેલ અપૂર્વ અવસર ઝડપી લઈ ધન્યતા અનુભવવાનો છે.

## માસિક રૂા. ૧૦૦૦/- સમાજ ઉત્કર્ષ ભેટ

* દર મહિને રૂા. ૧૦૦૦/-નું દાન ૨૪ માસ સુધી આપવાનું રહેશે.
* ૨૪ માસ બાદ પૂર્ણ થયેલ કુલ રૂા. ૨૪૦૦૦/-ના દાતાની વિગત પાટણ પ્રતિબિંબમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

આ ઉપરાંત વધુ દાનની રકમ આપવાની ભાવના ધરાવતા સમાજના પરિવારો માટે પણ નીચેની યોજના અન્વયે રૂપિયા સવા લાખનું દાન સમાજ ઉત્કર્ષ ફંડ ખાતે આપીને પણ દાતા પરિવારોનો એક સભ્ય કાયમી રીતે સંસ્થા સાથે જોડાઈ શકે છે.

## રૂા. ૧.૨૫ લાખ સમાજ ઉત્કર્ષ સહાય ફંડ

* રૂા. ૧.૨૫ લાખના દાનની રકમ બે વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.
* મજકુર દાન અન્વયે વ્યવસ્થાપક સમિતિમાં એક સભાસદને આજીવન સભ્ય તરીકેનો હક્ક આપવામાં આવશે.
* બે જુદી જુદી પ્રવૃત્તિઓમાં દાન આપી શકાશે.
* દાનની રકમ પૂર્ણ થતાં પ્રતિબિંબમાં તથા વાર્ષિક અહેવાલમાં એક વખત દાતાશ્રીનો એક ફોટો છપાશે.

સમાજના જરૂરિયાતમંદ પરિવારોને વધુમાં વધુ સહાયક થઈ સંસ્થા સાથે દાતા તેમજ તેમના પરિવારના કુલ ત્રણ સભ્યો કાયમી જોડાઈ દાતા તરીકેનું ગૌરવ ભર્યું સ્થાન મેળવી શકે તેવા શુભ આશયથી રૂા. નવ લાખ સમાજ ઉત્કર્ષ સહાય ફંડ દાનની યોજના પણ સમાજ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે.

## રૂા. નવ લાખ સમાજ ઉત્કર્ષ સહાય ફંડ

* રૂા. નવ લાખના દાનની રકમ બે વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.
* મજકુર દાન અન્વયે વ્યવસ્થાપક સમિતિમાં ત્રણ સભાસદોને આજીવન સભ્ય તરીકેના હક્ક આપવામાં આવશે.
* ત્રણ જુદી જુદી પ્રવૃત્તિઓમાં ફંડ આપી શકાશે.
* પ્રતિબિંબમાં બાર માસ સુધી દાતાશ્રીનું નામ પ્રકાશીત કરવામાં આવશે.
* દાનની રકમ પૂર્ણ થતાં પ્રતિબિંબમાં તથા વાર્ષિક અહેવાલમાં એક વખત દાતાશ્રીનો એક ફોટો છપાશે.

ઉપરોક્ત ત્રણેય દાન યોજના અન્વયે સમાજના પરિવારો દ્વારા અત્યાર સુધી લગભગ રૂા. બે કરોડના દાનના વચનો આપી આપણી માતૃ સંસ્થામાં ''દાતા'' તરીકે જોડાયા છે તે જણાવતા ગૌરવ અનુભવાય છે. આપશ્રી પણ સંસ્થાના દાન યજ્ઞમાં વહેલી તકે સ્વેચ્છાએ જોડાઈ સંતોષની લાગણીની અનુભૂતિ કરશો તેવા વિશ્વાસ સાથે.

નોંધઃ સંસ્થાને પ્રાપ્ત થતાં દાન ઈન્કમટેક્ષ કલમ ૮૦જી અન્વયે ૫૦ ટકા કરમાફીને પાત્ર છે.

લિ. દાનેશ વિનોદચંદ્ર શાહ
પ્રમુખ, શ્રી પાટણ જૈન મંડળ

# નૂતન વીમા પોલીસી

સ્વસ્થ માનવ અને સ્વસ્થ સમાજની પ્રથમ જરૂરિયાત તંદુરસ્તી છે. દિન-પ્રતિદિન વધતા જતાં પ્રદુષિત વાતાવરણને પરિણામે જન-જનમાં અનેકવિધ બિમારીઓનું પ્રમાણ પણ વધવા પામેલ છે અને આવી બિમારીઓના સારવારના ખર્ચાઓ પણ વધતા રહ્યા છે. જેને પહોંચી વળવું મધ્યમ કે સામાન્ય પરિવારો માટે મુશ્કેલીઓની વણઝાર લાવે છે. તેવા સમયે મંડળના નવા નિમાયેલ હોદ્દેદારો તથા મેડિકલ સમિતિ દ્વારા સમાજના સહાય લેતા પરિવારો માટે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કું. ની નવી ફેમીલી ફ્લોટર મેડિક્લેઈમ પોલીસી લેવાનું વિચારણા હેઠળ છે, જેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે.

**આ પોલીસીનું નામ SBI ઈન્સ્યોરન્સ આરોગ્ય પ્લસ ફેમીલી ફ્લોટર પોલીસી છે**

૧. આ યોજના અંતર્ગત કુટુંબના ૫૫ થી ૬૫ વર્ષ સુધીના બે સભ્યો તથા ૨૧ વર્ષથી ઓછી વયના બે સભ્યો મળી કુલ ચાર સભાસદો જોડાઈ શકશે, જેમાં ૫૫ વર્ષથી વધુની વયના સભ્યોનું મેડિકલ ચેકઅપ અનિવાર્ય રહેશે.

૨. બેઝિક મેડિક્લેઈમ પોલીસી અન્વયે રૂા. ત્રણ લાખ સુધીનું રક્ષા કવચ મળશે.

૩. બેઝિક પોલીસીની સાથોસાથ TOPUP પોલીસી અન્વયે વધારાના રૂા. ૫ લાખનું કવચ મળશે.

૪. બેઝિક મેડિક્લેઈમ પોલીસીનું પ્રિમિયમ લાઈફ ટાઈમ એક સરખું રહેશે.

૫. TOPUP પોલીસીનું પ્રિમિયમ પાંચ-પાંચ વર્ષના વય જુથ અનુસાર બદલાતું રહેશે.

૬. બન્ને પોલીસીનું પ્રિમિયમ આપે કંપનીને ભરપાઈ કરવાનું રહેશે, જેમાં સંસ્થા દ્વારા શક્યતઃ વધુમાંવધુ રકમની સહાયતા કરવામાં આવશે.

૭. આ પોલીસીમાં કેશલેસ સુવિધા મળી શકશે.

૮. ડોક્ટર ફી, ICU, મેડિકલ ચાર્જીસના સંપૂર્ણ ખર્ચ માટે કોઈ કેપીંગ નથી.

૯. હૉસ્પિટલ બેડ, રૂમ ભાડાની રકમ માટે કોઈ કેપીંગ નથી.

૧૦. વર્ષ દરમ્યાન પરિવારના કોઈપણ સદસ્ય દ્વારા મેડિક્લેઈમ લેવામાં આવેલ હશે તો પણ તેનું બીજા વર્ષની પ્રિમિયમમાં કોઈ લોડીંગ ચાર્જીસ નહીં લેવાય.

૧૧. હૉસ્પિટલમાં દાખલ થયેથી ૬૦ દિવસ સુધી અને ડિસ્ચાર્જ લીધા બાદ ૯૦ દિવસ સુધીનો ખર્ચ માન્ય રહેશે.

૧૨. એમ્બ્યુલન્સનો ખર્ચ નિયમાનુસાર માન્ય રહેશે.

૧૩. આ પોલીસીની સાથે એક્સીડન્ટ પોલીસી લેનારને વીમા પ્રિમિયમની રકમમાં પણ લાભ મળશે.

૧૪. ફોર્મ સાથે પરિવારના દરેક સભ્યોના આધાર કાર્ડ તથા પેનકાર્ડની ઝેરોક્ષ ફરજિયાત જોડવાની રહેશે.

ફોર્મની દરેક દરેક વિગત ફરજિયાત ભરી મોડામા મોડુ તા. ૧૦-૦૬-૨૦૨૨ સુધીમાં સંસ્થાના મરીનડ્રાઈવ ખાતેના મુખ્ય કાર્યાલય ખાતે પહોંચાડવા અનિવાર્ય છે.

નોધઃ (૧) વર્તમાનમાં આપની પાસે કોઈપણ કંપની દ્વારા લેવાયેલ વ્યક્તિગત કે ફેમીલી ફ્લોટર પોલીસી હોય તો પણ આ યોજનામાં અવશ્ય જોડાવવા આગ્રહભરી વિનંતી છે. આપની સદરહુ પોલીસીની સંપૂર્ણ વિગતો લખવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે ઉપરોક્ત સુચીત વ્યક્તિગત મેડિક્લેઈમ પોલીસી સિવાય ઉપરોક્ત કું. સાથે ગ્રુપ મેડિક્લેઈમ પોલીસી લેવા અંગેની ચર્ચા-વિચારણા પણ ચાલું છે.

**ગ્રુપ મેડિક્લેઈમ પોલીસીના લાભો નીચે મુજબ રહેશે.**

(૧) હાલમાં જે પણ રોગ હોય તે રોગ પ્રથમ દિવસથી વીમા કવચ મળી રહેશે.

(૨) આ યોજના અંતર્ગત પરિવારના કુલ છ સભ્યો જોડાઈ શકશે.

(૩) આ પોલીસીમાં જોડાવવા અંગે કોઈ વય મર્યાદા રાખેલ નથી.

(૪) વ્યક્તિગત પોલીસીના પ્રિમિયમથી આ ગ્રુપ પોલીસીનું પ્રિમિયમ લગભગ અડધુ ભરવાનું થશે.

(૫) ગ્રુપ મેડિક્લેઈમ પોલીસી યોજનામાં જોડાનાર દરેક પરિવારનું સંપૂર્ણ વીમા પ્રિમિયમ સંસ્થા દ્વારા સીધેસીધુ કું ને ભરવાનું રહેશે.

સ્વસ્થ, સમૃદ્ધ અને સુખી સમાજ બની રહે તેવા લક્ષ્ય સાથેના સંસ્થાના આ પગલામાં આપ સહુનો સકારાત્મક સહયોગ સાંપડશે તેવી આશા સાથે..

**વિશેષ નોંધઃ** સંસ્થામાંથી સહાય લેતા પરિવારો ઉપરાંત અન્ય પરિવારો પણ ઉપરોક્ત પોલીસીમાં જોડાવવા ઈચ્છતા હોય તો તેઓના પુરા નામ, સરનામું, મહોલ્લો ઈત્યાદિ વિગતો સંસ્થાના મોબાઈલ ઉપર મોકલી આપવી.

❑ **મેડિકલ સમિતિ**

# લોદ્રાધામ-મહાવીરધામ યાત્રા પ્રવાસ

શ્રી પાટણ જૈન મંડળ જીવન સૌરભ સમિતિ દ્વારા તા. ૦૫-૦૬-૨૦૨૨ના યોજાયેલ યાત્રાપ્રવાસમાં ઉત્સાહથી લોકોએ નામ નોંધાવ્યા છે તે જણાવતા આનંદ થાય છે.

પ્રવાસમાં જોડાયેલ યાત્રિકો માટે મરીનડ્રાઈવ, ચોપાટી, વાલકેશ્વર વિલેપાર્લે, ગોરેગામ, બોરીવલી તથા ભાયંદર ખાતેથી કરવામાં આવેલ બસ પીકઅપ વ્યવસ્થા સમય તથા અન્ય માહિતીઓ તા. ૦૧-૦૬-૨૦૨૨ સુધીમાં મોબાઈલ મારફતે પહોચતી કરવામાં આવશે, જેની નોંધ લેવા વિનંતી છે.

## વસ્તીપત્રક પ્રકાશન - જાહેરાત આપવા વિજ્ઞપ્તિ

જત જણાવતા આનંદ થાય છે કે, શ્રી પાટણ જૈન મંડળ આ વર્ષે આઠમાં વસ્તી પત્રકનું પ્રકાશન કરી રહ્યું છે, જે સપ્ટેમ્બર ૨૦૨૨માં પ્રકાશીત થશે.

આજે ૩૨૦૦થી પણ વધુ પાટણના જૈન પરિવાર દેશના ખુણે ખુણે વસી રહ્યા છે. ૧૫૦થી વધુ પરિવાર વિદેશમાં વસવાટ કરે છે.

સમાજના કુટુંબના ધાર્મિક સામાજીક કે વ્યવસાયિક ક્ષેત્રના કોઈપણ પ્રસંગોએ સમાજનો પરસ્પરનો સંપર્ક કરવો જરૂરી બને છે, તેમજ યુવક-યુવતીના વેવિશાળ માટે પણ તેઓની સંપૂર્ણ વિગતો મેળવવી અનિવાર્ય બને છે. આવા સમયે સમાજના પરિવારોનો પરિચય કરાવતું વસ્તીપત્રક, એક માત્ર ઉત્કૃષ્ટ માધ્યમ છે કે જેના દ્વારા આ વિગતો મેળવી શકાય છે. સમાજના પ્રત્યેક ઘરમાં આ વસ્તીપત્રક જોવા મળે જ છે.

આવા સમાજ લક્ષીય આયોજન વસ્તીપત્રકના ખર્ચને પહોંચી વળવા સંસ્થાએ જાહેરાત (એડવરટાઈઝમેન્ટ) લેવાનું નક્કી કરેલ છે. જાહેરાતના દર નીચે મુજબ રાખેલા છે, જેની નોંધ લેશો.

સમાજના દરેક પરિવારોની વિગતો સાથેનું આ વસ્તીપત્રક લગભગ ૭૫૦ પાનાનું બનશે, જે સમાજના ઘરે ઘરે એક દાયકા સુધી સચવાયેલું રહેશે, જે દ્વારા આપના વ્યવસાયની બહોળા પ્રમાણમાં જાહેરાત પણ થઈ શકશે.

| | | | |
|---|---|---|---|
| Back Cover Page - | Rs. 3,51,000/- | Full Page Four Colour Printing - | Rs. 1,00,000/- |
| 2nd Cover Page - | Rs. 2,50,000/- | Half Page Four Colour Printing - | Rs. 50,000/- |
| 3rd Cover Page - | Rs. 2,50,000/- | Quater Page Four Colour Printing - | Rs. 25,000/- |

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સને ૨૦૧૩માં પ્રકાશિત થયેલ સાતમાં વસ્તીપત્રકમાં જાહેરાતના જે દર હતા તે યથાવત રાખેલ છે, કોઈપણ વધારો કરેલ નથી.

પ્રકાશીત થનાર આ વસ્તીપત્રક પ્રકાશન દ્વારા સંસ્થા જાહેરાત આપવા દ્વારા આપશ્રીનો આર્થિક સહયોગ ઈચ્છે છે, આપશ્રી દાતા પરિવારો તેમજ જાહેરાતની આવક થકી જ વસ્તીપત્રકની પડતર કિંમતના ૭૦ થી ૮૦ ટકા રકમ ઓછી કરી રાહતના દરે (ટોકન રકમ) લઈ સમાજના પરિવારોને આ વસ્તીપત્રક આપીએ છીએ. આપ સર્વે દાતાશ્રીઓના સહકારને કારણે જ સમાજનો દરેક વર્ગ આ વસ્તીપત્રક વસાવી શકશે.

સમાજના સર્વે પરિવારોને નમ્ર અપીલ છે કે, વસ્તીપત્રકમાં જાહેરાત આપી સંસ્થા અને સમાજને મદદરૂપ બનશો.

## શ્રી પાટણ જૈન વસ્તીપત્રક પ્રકાશન

સમાજના પરિવારોનો માહિતી સભર ગ્રંથ પાટણ જૈન પરિવાર પરિચય - ૨૦૨૨ (વસ્તીપત્રક) સંસ્થા દ્વારા પ્રકાશન કરવાનું નક્કી થયેલ છે, તેના અનુસંધાનમાં સર્વે પરિવારોને તે અંગેના જરૂરી ફોર્મ પોસ્ટ દ્વારા અલગથી મોકલવામાં આવેલ છે.

ફોર્મમાં દર્શાવેલ જન્મ તારીખ તેમજ અન્ય માહિતી વિના સંકોચે લખવા નમ્ર વિનંતી. આ વસ્તીપત્રક ગ્રંથ online ડિજિટલ રૂપે પણ રજૂ કરવામાં આવશે. જેથી દરેક પરિવાર સરળતાથી માહિતી પ્રાપ્ત કરી શકશે. આ વસ્તીપત્રક પ્રકાશન સપ્ટેમ્બર મહિના દરમ્યાન કરવાનું હોવાથી ફોર્મ સંપૂર્ણ વિગતો સહ ભરી મોડામાં મોડું **દિનાંક૧૦-૦૬-૨૦૨૨ પહેલા** સંસ્થાના નીચે મુજબના કાર્યાલયોમાં મોકલી આપવા વિનંતી.

**૧. મરીનડ્રાઈવ, ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીનડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦.**
**૨. વિલેપાર્લા - શ્રી જનકભાઈ એ. શાહ : ૨૦૨, સિદ્ધાચલ બિલ્ડીંગ, હનુમાન રોડ, વિલેપાર્લા (ઈ), મુંબઈ - ૪૦૦૦૫૭.**
**૩. ગોરેગામ, રૂપમ બ્લિડીંગ, ૧૫૨, જવાહર નગર, ગોરેગામ (વે), મુંબઈ - ૪૦૦૦૬૨.**
**૪. બોરીવલી, એ૨ ૩/૧, રતન નગર, ડી.એન.દુબે માર્ગ, બોરીવલી (ઈ), મુંબઈ - ૪૦૦૦૬૮.**
**૫. પાટણ, પી.કે. અતિથગૃહ, પીપળા શેરી, પાટણ (ઉ.ગુ.)**

**''સબકા સાથ સબકા વિકાસ''** સમગ્ર સમાજના સાથ અને સહકારથી જ ભગીરથ લાગતું આ કાર્ય સરળતાથી પાર પાડી શકશે. આપ સહુના સાથ સહકારની અપેક્ષા સાથે

- ફોર્મ મંડળની Website: patanmandal.org પર ઉપલબ્ધ છે.
- સ્વચ્છ અને સુંદર અક્ષરે ફોર્મ ભરવા વિનંતી, જેથી પ્રિન્ટીંગ સમયે ક્ષતી ન રહેવા પામે.
- ફોર્મની સમગ્ર વિગતો English માં ભરવા વિનંતી.

# I WRITE BECAUSE I LOVE ... AND MY LOVE IS WRITING

Writing isn't just my hobby, it is more than that and that passion for writing shaped me as a writer.

My love for writing is something words are not able to explain. It has been a long time since I have asked myself the question "Why do you write?" Why is it so fulfilling to write out my thoughts?

I feel a sense of completeness when I write. It is as if all of my troubles go out of the window. It take my mind off of real life situations. The process of writing is challenging and exciting.

I've always loved writing because it lets me express myself in ways that I can't say out loud. I am not the person who is comfortable expressing verbally, so I write and put all of my feelings into words. It allows me to be completely honest.

It is essential for self - understanding the pleasure of writing is not in recognition, it is not in the appreciation. The best pieces of writing are the ones you don't want to share with anyone. I write, just for myself, as a way to release stress. I write to understand my reactions to different situations. I write to make sense of how others react to me. How people store memories in albums through snaps, I store my experience through my write ups.

What is life? A string of thoughts connected by the thread of time!

What is communication ?

Exchange of thoughts and feelings with each other.

Writing improves communication skills. One can reveal his thoughts and feelings through writing, just as how others do through any art like drawing, dancing etc. Thus, Writing helps to relate to people and maintain good relationship.

Writing helps to improve your handwriting. During our School days, we had to copy a paragraph. It was called "Sunday Lekhan."

Writing helps me to remember things for long time. In school, we were told to do correction of spelling by writing it 5 times. At that time, I used to think it as a punishment. Later I understood its sensorial. Gradually, I formed this habit of writing anything and everything that I wish to remember.

Writing encourages creativity and exploring vocabulary, concepts etc. By writing an article / poem etc. I could create my own opinion.

Writing acts as an evidence/proof. Also there are less chances of misinter partition of your words.

Most important, through writing you have the ability of impacting others. As a writer, you leave your mark on the world by influencing the minds of others. Wheather one person reads your work or millions, you always have the capability to educate.

In short, I just love words... and writing gives me chance to share this love with others. So undoubtedly I can say that... that I Write Because I Love

And

My Love Is Writing.

❑ Urvi Jhaveri


કનાસા કલ્યાણ કેન્દ્ર પાટણ

**કનાસા કલ્યાણ કેન્દ્ર** પાટણ: 02766-224720 મુંબઈ : જીતુભાઈ (ગોરેગામ) - 9699053690
જયેશભાઈ (વિલે પાર્લા) - 099-203-85597

કનાસા કલ્યાણ કેન્દ્ર સફળતાપૂર્વક ૧૬ વર્ષ પૂર્ણ કરી ૧૭માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે.

નવા વર્ષની મેમ્બરશીપ રૂા. ૨૫૦૦/- ❊ ખાસ આકર્ષણ વર્ષ દરમ્યાન કુલ ૬ ડીલીવરી આપના ઘરે પહોંચતી કરવામાં આવશે.

૨૦૨૨-૨૩ના મેમ્બરશીપ ફોર્મ મેળવવાના તથા ભરીને પૈસા સાથે પહોંચાડવાના સ્થળો તથા કાર્યકરોની વિગત નીચે મુજબ છે.

આપના કુટુંબીજનો, સગાં-સંબંધીઓ તથા મિત્રોને અવશ્ય મેમ્બર બનાવવા પ્રયત્ન કરશો.

Walkeshwar Dehrasar: Bharatbhai - 9820452406
Nepeansea Road: Deepakbhai - 9820522936
Kalbadevi Road: Janakbhai - 9323115714
Gowalia Tank: Kamalbhai - 9820063762
Nagdevi: Shaileshbhai - 9821023693
Pydhonie: Bhavinbhai - 9820109067
Goregaon: Vikrambhai - 9172632516
Andheri: Niranjanbhai - 9819280255
Juhu / Vile Parle: Pravinbhai - 9820244026
Vile Parle: Daneshbhai - 9930891985
Santacruz / Vile Parle : Pankajbhai - 9167239966 • Malad/Kandivali/borivali/dahisar : Nirupaben : 9870719520

FRANCHISE

કનાસા કલ્યાણ કેન્દ્રને જણાવતા આનંદ થાય છે કે ૨ થી ૩ FRANCHISE ની શરૂઆત કરેલ તે આજે અમારી પાસે ૧૫-૧૬ Franchise થઈ ગઈ છે, જેની Area wise Name & Mob. No. નીચે મુજબ છે. જેઓ કેન્દ્રના નવા Franchise બનવા માંગતા હોય તેઓએ નીચે મુજબની માહિતી 9167239966 ઉપર WhatsApp માંજ મોકલવી ફોન ઉપર વાત કરશો નહીં.

પુરુ નામ:..., એડ્રેસ : ...., મો. ...., પાટણનો મોહલ્લો.... Marine Drive : Bharatbhai - 9322398035 Gowalia Tank Dehrasar Kemps Corner

Walkeshwar : Meenaben - 9833271499 Gowalia Tank : Shefaliben - 7977027109 Haji Ali : Vanitaben- 9869281030 Navjivan : Nitinbhai - 9819802091

Santacruz (W) : Ramilaben - 9324660528 Sikkanagar : Foodplaza - 9820443544 Borivali (E) : Rajendrabhai-9820085009 Tardeo: Nilimaben - 9372877126

Kandivali (W): Madhviben-8369124765 Virar: Mahendrabhai-7710034477 Ghatkopar:Amiben-9136363298 Chennai:Mayurbhai-9940010053,Darshanbhai-9840542223

ADVT

# પાટણ સમાજનું ગૌરવ




**શ્રી ભરતભાઈ નેમચંદ શાહને સન્માનિત કરતા રાજ્યપાલ શ્રી દેવવ્રત આચાર્ય તથા મુખ્ય પ્રધાન ભુપેન્દ્રભાઈ પટેલ**

દેશની આઝાદીના અમૃત પર્વે ગુજરાત ગૌરવ ગરિમા અને ગર્વની ઉજવણીની સમી સાંજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તથા મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે **ગુજરાત ગૌરવ એવોર્ડથી** પાટણ જિલ્લામાં અનેકવિધ ક્ષેત્રે સેવા પ્રદાન કરનાર મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું.

આજનો આ સોનલવર્ણો દિવસ આપણા સૌ માટે અદભુત અનેરો મનોવાંછિત હૃદયના હાશકારાનો રહ્યો. પાટણના જાજરમાન ઉદ્યોગપતિ **એસ.કે. ટ્રસ્ટના વર્તમાન કર્ણધાર શ્રી ભરતભાઈ નેમચંદ શાહને ટ્રસ્ટવતી ગુજરાત રાજ્યના રાજ્યપાલ માનનીય આચાર્ય દેવવ્રતભાઈ તથા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે શાલ તથા સ્મૃતિ ચિન્હ** દ્વારા સમાજ સેવા, શિક્ષણ તથા માનવતાના ત્રિવેણી સંગમ સમાન કાર્યો માટે ગુજરાત ગૌરવ દિવસ - ૨૦૨૨ના રોજ જિલ્લા વહીવટી તંત્ર-પાટણ દ્વારા. યુનિવર્સિટી સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ ખાતે અંદાજીત ૭૦૦૦ની માનવ મેદની સમક્ષ તેમના ધર્મપત્નિ શ્રીમતી સુરેખાબેનની હાજરીમાં ભવ્ય રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત ગુજરાત ગૌરવ એવોર્ડ પ્રદાન કરવામાં આવ્યો.

**શ્રી ભરતભાઈ શ્રી પાટણ જૈન મંડળના વર્ષોથી માનદ ટ્રસ્ટી તરીકે કાર્યભાર સંભાળી રહ્યા છે.** આ સમસ્ત પરિવાર સ્વભાવગત સંસ્થા, સમાજ, રાજ્ય તથા સમસ્ત દેશ માટે બનતી સઘળી સહાય કરવા સદૈવ તત્પર રહ્યો છે, પછી તે શિક્ષણ, સાંસ્કૃતિક કે માનવતાના કોઈપણ કાર્યો હોય, સવિશેષ આનંદ તો એ છે કે તેમના ધર્મપત્નિ **શ્રીમતી સુરેખાબેન સાથે શ્રી પાટણ જૈન મંડળના બીજા ટ્રસ્ટી શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ તેમના ધર્મપત્નિ શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ તથા શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહે** પણ ત્યાં હાજરી પુરાવી હતી. શ્રી પાટણ જૈન મંડળ વતી પ્રમુખ શ્રી દાનેશભાઈએ એસ.કે. ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા સમસ્ત પરિવારને અનેકાનેક શુભેચ્છાઓ સહ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

**એસ.કે. ટ્રસ્ટ હાલ પર્યંત પાટણ મધ્યે એસ.કે. બાળમંદિર યુનિવર્સિટી કેમ્પસમાં બી.બી.એ. કોલેજ, એમ.બી.એ. શાળા, કન્વેન્સન સેન્ટર, બ્લડ બેન્ક, સાયન્સ કૉલેજ નોર્થ ગુજરાત** એજ્યુકેશન સોસાયટી સાથે ગણનાપાત્ર ડોનેશન આપી સતત કાર્યરત છે. શ્રી ભરતભાઈના કહેવા અનુસાર ઉત્કૃષ્ઠ અનુભવ જીવનભરનું નજરાણું બની રહેશે. જ્યારે પણ અવસર પ્રાપ્ત થાય ત્યારે તેઓએ પાટણના સાંસ્કૃતિક તથા ઔદ્યોગિક વિકાસ માટે સદૈવ તત્પર રહેવાનો મનોરથ કર્યો હતો.

# પાટણ બી.ડી.એસ. વિદ્યાલયનું ગૌરવ



**આપણી શાળામાં સને ૨૦૧૭ થી ધો ૯ ના અભ્યાસક્રમમાં જોડાઇ ૨૦૨૧માં બારમા ધોરણની બોર્ડ પરીક્ષામાં સારા ગુણાંકે ઉતીર્ણ થયા આશના સતીષકુમાર પાલકરને માટે શાસ્ત્રીય કંઠ્ય સંગીત.**



**તન્વી પટેલે વર્ષ દરમ્યાન ૩૦૦૦ કિલો ઓરગેનીક મધ ઉત્પાદન કરી ઓરગેનીક ફાર્મીંગની ટ્રેનીગ આપી રહ્યા છે. ૪૦ માણસોને રોજગારી પુરી પાડે છે.**

# NETWORKING, ENTREPRENEURSHIP AND START UP MENTORSHIP EVENT



Selfie Taken By Speaker With Youngsters



Felicitation of President by Youth Empowerment Core Team

Shree Patan Jain Mandal Youth Empowerment Committee organised their first programme for the youth of Patan Samaj at Ajivasan Hall, Santacruz West, Mumbai on Sunday 8th May,2022 from 9 am to 3 pm.

The programme was attended by 250 youngsters in age group 18 – 45 they started arriving early Sunday morning at 9.00am onwards, the programme was started with informal introduction of the attendees.

Shri Nikhil Shah Convenor appreciated and acknowledged the support by Smt Rashmiben Pruthviraj Chandulal Shah for their support of Rs. 1,00,000/- for this event.

The main programme started at sharp 10 o' Clock with Navkar Mantra and the National Anthem. The event was opened by the Secretary Shri. Devesh Rameshchandra Shah, he gave a formal introduction of the Core Youth Empowerment Team Shri. Nikhil Mahendrabhai Shah (Convenor), Shri. Hitesh Jaswantbhai Shah (Secretary), Shri. Bhavik Bhadreshbhai Shah (Jt. Secretary), and Shri. Harshit Bharatbhai Shah (Jt. Secretary).

Shri. Nikhil Shah introduced the first Guest Speaker Shri. Mahendrabhai Turakhia. He briefly gave his background details and educational and professional achievements. This was followed by a short video film on Mahendrabhai's sons Bhavin and Divyank Turakhia's Rise to Fame Story which inspired the youngsters.

Shri. Mahendrabhai Turakhia, promoter of Directi & Media.net Group of Companies, a Chartered Accountant associated with 26 Companies and Trusts spoke on various aspects of grooming children for their passion for the career growth. His sons Divyank and Bhavin's real life story about their own start-up with mere Capital of Rs. 25000/- only, in computer and internet field and carving a niche for themselves, they are ranked as 95th richest person in India in Forbes List of Billionaires this was shared with the young audience with insightful experiences to their achieving height of success within short time. Shri. Mahendrabhai elaborated on various aspects of value system, business strategy and vision for future growth of business and career. All the participants were thrilled and motivated by this. He then had a brief Q's & A's session for the youngsters.

This was then followed by a presentation about Level Next programmes of IIM-Ahmedabad and EDII (Entrepreneurship Development Institute Of India at Ahmedabad) by Shri. Bhavik Shah. Shri. Mahendrabhai then patiently answered several questions regarding this programme from the charged up youngsters.

Shri. Hitesh Shah then introduced the second guest speaker Shri. Siddharth Shah CEO Think and Grow Rich Academy, a TEDx Speaker with executive education from IIM Ahmedabad. He is a motivational speaker and had the audience listening to him with full attention for 60 minutes. He had an interactive session and gave insights and methods to achieve success in carrer and reach your full potential. The audience connected with him instantly and thoroughly enjoyed themselves.

Shri Nikhil Shah, Convenor, welcomed and alongwith the team felicitated Shree Patan Jain





**President and Office Bearers at the Event with Youngsters**

**Involved Audience View**

Mandal President. Shri. Daneshbhai Shah (Matliwala) with a flower bouquet.

Then he gave a presentation about the future Goals and insights about the Youth Empowerment Committees Vision , Objectives & how they will help in the overall development of Patni Youth.

Behalf of the Committee he also expressed the wish to repeat the same success story of Turakhia Brothers for at least 3 Patni Youngsters & set an example for fellow Patnis.

The Youth Committee will try & support the dreams of Patnis to Achieve Success in their fields & put in the extra mile required for the push to start anything new. Be the Facilitators, Mentors, Guide & Coordinator for them.

It was conveyed to the Youngsters that the Core Team is committed to the growth and success of the Patni Youth. If they have an idea, a startup or a Goal to achieve their dreams in life then they can be the Facilitators where one can learn new skills, take professional guidance, they can support & guide and offer a launching pad like an incubation centre – work place & most important can facilitate funding.

In the Networking segment, one of the main objectives will be "P for P" – Patni for Patni. It was explained in brief that on this platform the Youth of Patan can connect to the right people take their idea forward & ultimately achieve their Goal. Emphasis was put on the need to Network with fellow Patnis to build their own success stories.

The Youth Empowerment Committee will be conducting the following activities:

1) Networking Meets
2) Skill Development Workshops
3) Financial Mela
4) Launching Pad for Startups
5) Youth Programmes

After this Nikhil Shah requested the Hon. President Shri Daneshbhai to address the audience. Shri Daneshbhai encouraged the youth with his real-life experiences for success in life. He also gave a peek at one of the future programmes which will showcase the success of our very own Patni. He said that he would give three mantras of Success and left the audience looking forward to another wonderful programme. He then felicitated both the honourable speakers with silver momentoes.

Shri Devesh Shah appreciated the efforts of the Youth Empowerment Team Volunteers for the success of the First Event and invited many more youngsters to join the uniqe movement of Patan Samaj.

Shri. Harshit Shah gave the Vote of thanks and invited all for the lunch there after.

The YouTube link for this programme will be shared with everyone.

❑ **Youth Empowerment Committee**

## કૉલેજ પ્રવેશમાં ઉપયોગી માઈનોરીટી અથવા ગુજરાતી હોવાનું સર્ટીફીકેટ

સમાજના એસ.એસ.સી. / એચ.એસ.સી.માં પાસ થનાર વિદ્યાર્થીઓને કૉલેજમાં પ્રવેશ મેળવવા માટે મુંબઈની કેટલીક શાળા-કૉલેજોમાં ગુજરાતી હોવા અંગેનું ગુજરાતી સર્ટીફીકેટ અથવા માઈનોરીટી સર્ટીફીકેટની જરૂરત રહે છે. તેના અનુસંધાનમાં શ્રી પાટણ જૈન મંડળમાં પુરૂ નામ, સરનામું, પાટણનો મહોલ્લો, જ્ઞાતિ વિ. વિગતોસહ અરજી કરનાર પાટણ સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઉપરોકત સર્ટીફીકેટ તુરતજ આપવામાં આવે છે. તો જરૂરતમંદ પરિવારોએ વહેલી તકે અરજી સાથે મંડળના મુખ્ય કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી.

## દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિ દ્વારા ગેટ-ટુ-ગેધર એહેવાલ





તા. ૨, મે - સોમવારના રોજ કોરોના પછી WIAA માં પહેલી જ વાર ગેટ-ટુ-ગેધર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના લાભાર્થી દાતા શ્રી જે.કે. શાહનો અમે આભાર માનીએ છીએ.

શ્રીમતી મંજુબેન લોઢાને હંમેશા દિશાના બાળકો માટે એક લાગણી રહે છે, તેઓ ઉપસ્થિત રહ્યા હતા.

દિશાના બાળકોએ કવર પર ડેકોરેશન કરવાનો બહુજ આનંદ માણ્યો.

શ્રી પાટણ જૈન મંડળનાં પ્રમુખ શ્રી દાનેશભાઈ માટલીવાલા તથા ઉપપ્રમુખ શ્રી હિતેનભાઈ વીમાવાળાએ પણ ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. માનવંતા પ્રમુખ શ્રી જે.કે. શાહે પ્રમુખ શ્રી દાનેશભાઈ શાહ તથા શ્રી હિતેનભાઈને મોતીની માળા પહેરાવી સન્માન કર્યું હતું.

બાળકોને ખૂબ ગિફ્ટ આપીને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. આ સાથે એક વર્ષ માટે ૨૦૨૨-૨૦૨૩ માટે ચાર બહેનો તરફથી કનાસા કલ્યાણ કેન્દ્રની મેમ્બરશીપ આપવામાં આવી છે, શ્રીમતી ચારુબેન, શ્રીમતી માનસી પટેલ, શ્રીમતી રૂપલ સોનાવાલા અને શ્રીમતી હેમાબેન મયંકભાઈ જેઓ હીનાબેનના ફ્રેન્ડ છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદન.






**SHREE PATAN JAIN MANDAL**

**ECONOMIC UPLIFTMENT COMMITTEE**

Proudly Announces

4th

**TRADE FAIR & EXHIBITION**

**25th September 2022, Sunday, 9.00 am onward**

For more details will be published in next pratibimb


## PRIDE OF PATAN




Veterans badminton Maharashtra state championship 2022 were held in Latur this time and **Mrs. Arpita Dr. Parag Girdharlal Jhaveri** (Zaveri Wado, Kamps Corner) who plays in 55 plus category won and becames champion in woman's singles as well as woman's doubles category. Congratulation for her achievement

## હાર્દિક અભિનંદન

**Aahaan Oza,** son of Jigna and Kamal Oza, grand son of Smt. Taruna and Shri Mahendrabhai Gunderwala was awarded the **'Outstanding Achiever Student of the year' of Jamnabai Narsee School for the year 2021-22** and was felicitated on the School Foundation Day by the Trustees and School management. Shree Patan Jain Mandal wishes Master Aahaan all the best for his future endevours.

## કોર્પોરેટ ક્ષેત્રના વ્યાપારીઓ તથા દાતાઓને વિજ્ઞપ્તિ

### શ્રી પાટણ જૈન મંડળ CSRમાં નોંધણી

શ્રી પાટણ જૈન મંડળનીમાં સમાજના અનેક સખી દાતાઓ દ્વારા પ્રાપ્ત થયેલ સખાવતોના પરિણામે પ્રતિવર્ષ સમાજના જરૂરિયાતવાળા પરિવારોને આર્થિક સહાય, વૃદ્ધજન સહાય, મહિલા ઉત્કર્ષ તેમજ વિધવા સહાય આપવામાં આવે છે.

ઉપરોક્ત સહાય લેતા પરિવારોને અપાતી સહાયની રકમ અને તેઓની માંગણી વચ્ચે આર્થિક મર્યાદામાં ઘણું મોટું અંતર રહી જતું હોય છે આ અંતરને ઓછું કરવા આપણી માતૃ સંસ્થાએ પણ **CSR રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર** મેળવેલ છે, તે જણાવતાં આનંદ થાય છે.

**સમાજના કોર્પોરેટ ક્ષેત્રના વ્યાપારીઓને જણાવવાનું કે હવેથી આપના CSR એક્ટ અન્વયેના દાનની રકમ શ્રી પાટણ જૈન મંડળ તરફ વાળવા હાર્દિક વિજ્ઞપ્તિ છે** આપના તરફથી પ્રાપ્ત થનાર દાનના પરિણામે ઉપર જણાવેલ પરિવારોને વધુમાં વધુ આર્થિક સહાય આપવામાં સંસ્થાને પ્રોત્સાહન મળી રહેશે.

**CSR રજિસ્ટ્રેશન નંબર CSR00021739**

### સાથ તમારો... સહકાર અમારો...

સમાજના ઘણા પરિવારોના પાટણ પ્રતિબિંબ તેમજ સંસ્થાના સભાસદોના અગત્યના પરિપત્રો પરત આવે છે ત્યારે સર્વે વાચક મિત્રોને જણાવવાનું કે આપનું ઘરનું સરનામું બદલાયું હોય કે મકાન સોસાયટી રી-ડેવલપમેન્ટમાં ગયેલ હોય તો સત્વરે સંસ્થાના કાર્યાલયમાં પુરુ નામ, સરનામું, પાટણનો મહોલ્લો તથા ટેલીફોન નંબર સહીતની વિગતો લેખિતમાં મોકલી આપવા વિનંતી. જેથી ભવિષ્યનો પત્રવ્યવહાર નવા સરનામે કરી શકાય. **આપશ્રી સરનામા ફેરફારની વિગતો સંસ્થાના મો. 9167902267 અથવા ઈમેલ: patanmandal@gmail મારફત પણ મોકલી શકો છો.**

❑ સંપાદક સમિતિ

## દાન-ભેટની રકમ મોકલવા NEW DIGITAL SYSTEM

### મંડળનું ડિજીટલ તરફ પ્રયાણ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા કાર્યરત વિવિધ સમાજ ઉત્કર્ષની પ્રવૃતિઓમાં દાન કે ભેટ, આજીવન સભાસદની રકમ, તેમજ ક્રિકેટ ટુર્નામેન્ટ અથવા અન્ય આયોજનોમાં રજિસ્ટ્રેશન ચાર્જીસ ઈત્યાદી ભરવા સમાજના મુંબઈ કે બહારગામ વસતા પરિવારોને કાર્યાલય સુધી રૂબરૂ જવાના બદલે, **ઘર બેઠા ડાયરેક્ટ ડિજીટલ રકમ ટ્રાન્સફર કરી શકાય તેવા શુભ આશયથી રૂપિયા ૧ લાખ સુધીની રકમ હવેથી Gpay, Phone Pe, Paytm, Bhim, Bharat Pe ઈત્યાદિ UPI System એપ્લિકેશનોના માધ્યમથી નીચે જણાવ્યા અનુસારના QR Code થી તમો તમારી રકમ જમા કરાવી શકો તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.**

આ સુવિધા મારફત રકમ મોકલવા ઈચ્છુક વ્યક્તિઓએ સહુ પ્રથમ શ્રી પાટણ જૈન મંડળના મોબાઈલ નં. 9167902267 ઉપર ફોન કરી શ્રીમતી પ્રિયાબેન સાથે તેની સંપુર્ણ વિગતો આપવાની રહેશે, ત્યારબાદ QR Code થી રકમ ટ્રાન્સફર કરી શકાશે.

**શ્રી પાટણ જૈન મંડળનું ડિજીટલ દુનિયામાં પ્રથમ ડગલું...**

### સુવર્ણ તક

શ્રી પાટણ જૈન મંડળ ઈકોનોમિક અપ્લીક્ટમેન્ટ સમિતિ દ્વારા સમાજના બેરોજગાર અથવા નોકરી કરવા ઈચ્છતા ભાઈ-બહેનોને સહાયક થવાના શુભ આશયથી પાટણ પ્રતિબિંબને માધ્યમ બનાવી આપની વિગતો વ્યવસાયિકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરવામાં આવશે. ઈચ્છુક વ્યક્તિએ પોતાનું પુરુનામ, અભ્યાસ, ઉંમર, પાટણનો મહોલ્લો, મોબાઈલ નંબર તથા પોતાની આવડત ઈત્યાદિ વિગતો ટૂંકમાં મો નં. 9167902267 ઉપર મોકલી આપવી.

❑ શ્રી પાટણ જૈન મંડળ

**વસ્તીપત્રકનું ફોર્મ સમાજના દરેક પરિવારોને ઘરે મોકલાવેલ છે, જે પૂર્ણ વિગતો ભરી દિનાંક ૧૦-૦૬-૨૦૨૨ પહેલા સંસ્થાના મરીનડ્રાઈવ - ગોરેગામ - બોરીવલી ઓફિસમાં મોકલી આપવા નમ્ર વિનંતી.**

## ટીમ વર્ક

માનવી એક સામાજિક પ્રાણી છે, દરેકને એકબીજાનો સાથ જોઈએ છે, .... પછી કુટુંબ હોય કે સામાજિક ક્ષેત્ર સંઘબળ ટીમ વર્ક દરેક ક્ષેત્રમાં જરૂરી છે.

T - Togather
E - Everyone
A - Achiever
M - More

ભેગા થવું તે શરૂઆત છે, ભેગા રહેવું તે પ્રગતિ છે, પરંતુ ભેગા મળી કામ કરવું તે સફળતા છે.

સમાન વિચારધારા ધરાવતાં લોકો જ્યારે સાથે મળીને કોઈ કાર્ય ઉપાડે ત્યારે જે પરિણામ મળે તે એક નવી જ દિશા બતાવે છે.

ટીમવર્કની વિશેષતાઓ જેમ કે (૧) Communication - વાર્તાલાપ, (૨) Responsibility - જવાબદારી (૩) Honesty - પ્રમાણિકતા (૪) Empathy - સંવેદના (૫) Collaberation સહયોગ (૬) A warenass - જાગરૂકતા

કોઈપણ ટીમ લીડર જ્યારે ટીમ બનાવે ત્યારે ટીમના દરેક સભ્ય આ વિશેષતાઓ કેળવે તે ધ્યાનમાં રાખવું જરૂરી છે.

ટીમવર્ક જ્યારે સાચી દિશા પકડે ત્યારે પર્વતથી ઊંચી જવાબદારીમાં પણ પાર પાડે છે. તેનું સૌથી સુંદર ઉદાહરણ છે. કોરોનાકાળમાં થયેલું કાર્ય, હૉસ્પિટલોમાં ડોક્ટર્સ - નર્સ - વોલિયેન્ટર્સની ટીમે ખૂબ મજબૂત કામગીરી નિભાવી. કોરોનાકાળમાં કદાચ આ લોકોનો સહયોગ ન હોત તો મૃત્યુઆંક કેટલી હદે પહોંચ્યો હોત તે તો કલ્પના કરવી જ મુશ્કેલ. તેવી જ રીતે આ કપરા સમયમાં નિઃસ્વાર્થભાવે સેવા પૂરી પાડનારા અગણિત લોકોએ પોતાની ટીમ સાથે કામ કરી માનવતાની મહેક ફેલાવી છે. સુંદર પરિણામ માટે ટીમવર્ક ખૂબ જરૂરી છે, પછી તે ક્ષેત્ર વ્યવસાયિક હોય કે બિન વ્યવસાયિક... નવા અને ફ્રેશ વિચારો અને કાર્યશૈલી દ્વારા સફળતાની ઊંચી સીડીઓ સર કરી શકાય છે. નાનામાં નાનો માનવી પણ ટીમનું મહત્વ સમજે છે. તે માટે એક નાનીસી વાત - ગામડાંઓમાં પહેલાના વખતમાં લોકો તળાવમાં નહાવા જતાં ત્યારે કિનારામાંથી એક મુઠ્ઠી માટી દરેક જણ તળાવમાં નાખતું, જેની પાછળની માન્યતા એવી કે ભવિષ્યમાં તળાવ સૂકાય નહીં, કે તળાવ પૂરીને બીજું બાંધકામ ન થાય.

માણસો તો શું નાના જીવજંતુ કે પ્રાણીઓ પણ ટોળામાં રહીને ખોરાક શોધે કે શિકાર કરે અથવા તો બીજા સંકટોથી પોતાની જાતને બચાવે, કીડીની કણ લઈ જતી લાંબી લાઈન ટીમવર્કનું બેસ્ટ એક્ઝામપલ છે. જૂંડમાં રહીને શિકાર કરતું સિંહનું ટોળું કે જૂંડમાં રહીને પોતાની રક્ષા કરતાં હાથીઓની તો આપણે ઘણી વાતો સાંભળી હશે. કાર્યદક્ષતા અને કાર્યક્ષમતાએ ટીમવર્કની ખાંસિયત છે, જે સફળ પરિણામ અપાવે છે. આપણી ક્રિકેટ ટીમ જે સફળતાના શિખરો સર કરે છે, સરહદે રહેતા જવાનો કે જેમની સામૂહિક કામગીરી - સીમા સુરક્ષા દ્વારા આપણા રખોપા કરે છે.

ખુશહાલ સંયુક્ત કુટુંબ પણ એક ઉત્તમ ટીમવર્કનું ઉદાહરણ જ છે. ધાર્મિક ક્ષેત્રોમાં પણ સારા સંગઠનોના ઉત્તમ પ્રયાસથી ઉમદા કાર્યો થાય છે.

એકબીજાને સમજી, વ્યક્તિગત સ્વાર્થ કે અભિમાન ન રાખી સાથે મળીને કામ કરવું ખૂબ જરૂરી છે. નિષ્પક્ષ અને સાતત્ય પૂર્ણ લીડરશીપ નીચે ટીમ પણ ખૂબ મજબૂત બને છે.

કોઈપણ મિશન માટે નિમાયેલી ટીમ જ્યારે સુંદર કામગીરી કરે ત્યારે સમાજ હંમેશા એક કદમ આગળ વધે છે.

ચાલો, બહેતર સમાજ ઉત્થાન માટે આપણે પટ્ટણીઓ પણ એક ટીમ બની કદમ ઉઠાવીએ.

Telent wins games, but teamwork & intelligence win championships.

❑ **શ્રીમતી ભાવીની જનકકુમાર શાહ**

## શ્રી પાટણ જૈન મંડળ
## વિવિધ સહાય મેળવવા માટેની અગત્યની સૂચના

શ્રી પાટણ જૈન મંડળમાં સમાજના અનેક સખી દાતાઓ દ્વારા પ્રાપ્ત થયેલ સખાવતોના પરિણામે આરંભાયેલ સમાજ ઉત્કર્ષ સહાય, મેડિકલ સહાય, શિક્ષણ સહાય મેળવવા ઈચ્છતા સમાજના જરૂરિયાતવાળા પરિવારોએ તે અંગેનું નિયત ફોર્મ મેળવી સંપૂર્ણ વિગતો ભરી નીચે મુજબના કાર્યાલયો ખાતે મોકલાવી આપવા વિનંતી છે.

એજ્યુકેશન રિવોલ્વીંગ ફંડના માધ્યમથી વિદ્યાર્થીઓ દેશમાં રહીને કે પરદેશ જઈને ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા હોય તેઓને સંસ્થા દ્વારા નિયત સમયમાં પરત કરવાની શરતે વગર વ્યાજે લોન આપવામાં આવે છે. તો જરૂરિયાતવાળા પરિવારોએ તે અંગેનું ફોર્મ મેળવી સંપૂર્ણ વિગતો ભરી સંસ્થામાં મોકલાવી આપવા વિનંતી છે.

**નોંધ :-** મંડળના નિયમાનુસાર બેન્ક ઓફ બરોડા, પાટણ બેન્ક તથા ગ્રેટર બેન્કમાં અરજદારનું સેવીંગ્સ ખાતું હોવું જરૂરી છે, જેથી સહાયની રકમ ડાયરેક્ટ આપના ખાતામાં જમા કરાવી શકાય. આ ત્રણ બેન્કમાંથી કોઈપણ એક બેન્કમાં આપનું ખાતું ન હોય તો તુરત જ ખોલાવવા વિનંતી છે.

**ખાસ નોંધ:-** કોઈપણ સહાય મેળવવાના અરજીફોર્મ સાથે આપની બેન્કના ચેકની ઝેરોક્ષ જોડવી અનિવાર્ય છે.

**અરજીપત્રક મેળવવાના સ્થળો : મુખ્ય કાર્યાલય મરીનડ્રાઈવ, શાખા કાર્યાલય : ગોરેગામ, બોરીવલી તથા પાટણ.**

**ફોર્મ વેબસાઈટ www.patanmandal.org પરથી ડાઉનલોડ કરી શકાય છે.**

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

# પિતૃ વંદના

મારા પ્યારા વાચક મિત્રો! આપ સૌનાં કરકમળમાં આ અંક આવશે ત્યારે એક ખૂબ જ સુંદર મજાનો દિવસ જે મારો તમારો કે આપણાં સૌનો પ્યારો છે, મનગમતો અવસર છે તા. ૬ જૂને 'ફાધર્સ ડે' પિતૃ વંદનાનો દિવસ આવી રહ્યો છે. શાબ્દિક રીતે અથવા તો કેલેન્ડરની ભાષામાં કહીએ તો આપણી સાંસ્કૃતિમાં અને સંસ્કારમાં તો જીવન પર્યંત 'માતૃદેવો ભવ' અને 'પિતૃદેવો ભવ' સાથે જ રહે છે.

માતા-પિતાને આપણે ક્યારેય અલગ માનતાં જ નથી તેમનો દરજ્જો, માન, આદર તો હૃદયમાં હંમેશા ઉચ્ચ સ્થાને જ રહે છે. સંતાનો માટે બન્ને પુરક જ છે, જો માતાની હુંફ અને પિતાની છત્રછાયા ન મળે તો સંતાનોને જીવન અધૂરું લાગે છે. એમના વિના પરિવાર પૂર્ણ નથી. માતા-પિતા સાથેનો સંબંધ જન્મસિદ્ધ ઋણાનુબંધ છે. જેનું ઋણ સંતાનો ક્યારેય પણ ચૂકવી શકતા નથી. માતા-પિતાનો પ્રેમ, લાગણી અને સ્નેહ એ તો અંતરની અનુભૂતીનો સંબંધ છે. તેથી જ તો દુનિયામાં બધા જ સંત મહાત્માઓ આદિ-અનાદિ કાળથી ઉપદેશ આપીને સમજાવતાં રહ્યા છે. **''દુનિયામાં સર્વ પ્રથમ અને સર્વશ્રેષ્ઠ સ્થાન તો માતા-પિતાનું જ છે.''** ભગવાનનું સ્થાન પણ તેમના પછી છે. જે સંતાનો નિત્ય સવારે સૌ પ્રથમ માતા-પિતાને પગે લાગીને, પ્રણામ કરીને જ તેમની દિનચર્યાનો પ્રારંભ કરે છે, તે ઘર એક મંદિર માનવામાં આવે છે.

**એક ઉત્તમ પિતા સંતાનો માટે વાવાઝોડા વચ્ચે આધાર આપતું વૃક્ષ છે.** માતા સંતાનોને મમતાથી એની ભીતરની લાગણીની દુનિયાથી પરિચિત કરાવે છે, પિતા પોતાની મક્કમતાથી બાળકને બહારની દુનિયાનો પરિચય કરાવે છે. આ રીતે માતા પાસેથી સ્નેહ અને શ્રદ્ધા મળે તો પિતા પાસેથી સાહસ, સાવધાની મળે અને જીવનનું ઘડતર થાય છે. **પ્રત્યેક વ્યક્તિના જીવનમાં ભણતર, ગણતર અને ઘડતરનો ત્રિવેણી સંગમ તો માતા-પિતાના સમન્વયથી જ થાય છે.**

માતા તો સંતાનોના દરેક પ્રશ્નો બાબત ચિંતા કરી જાણે છે, પણ પિતાને તો ચિંતા સાથે તેનો ઉકેલ પણ લાવવાનો હોય છે. માતા માનસિક પીડા ભોગવે છે, પિતા તેના માટે આર્થિક, શારિરીક અને જે તે સંજોગ કે સિસ્ટમ પાસેથી કામનો ઉકેલ લાવવાની સૂઝ-સમજ બતાવી માર્ગદર્શન આપીને દીવાદાંડીનું કામ કરે છે.

સંતાનો માટે માતાના ઉજાગરાની જેટલી નોંધ સાહિત્યકારોએ લીધી છે, એટલી પિતાના અંધારી રાત્રીમાં સતત બદલાતા રહેતા પથારી પરના પડખા પર કોઈની નજર નથી પડતી. સમયના વહેતા પ્રવાહમાં સુખ-સગવડોની વચ્ચે મોજમજા કરતાં, અને વધુમાં વધુ ઉચ્ચ શિક્ષણ મેળવી સારા વેતનની સર્વિસ કરીને ઉચ્ચ કમાણી કરતાં આજના સંતાનો અને તેમના પિતાશ્રીઓની વચ્ચે જરૂરથી મનભેદ અને મતભેદનું વાતાવરણ સર્જાયા વગર રહેતું નથી. **તેઓ માતા-પિતા સાથે ''Open Minded Friendship'' ઈચ્છે છે** પણ પિતા તેમનાંજ વિચારો સંતાનો પર લાદે તો તેઓને પસંદ નથી પડતું. પરિણામે પિતા-પુત્ર વચ્ચે ઘર્ષણ થયા વગર રહેતું નથી. આવા સમયે પિતાએ પણ ઉદારતાથી નવી વૈચારિક ક્રાંતિને અપનાવીને સંતાનો સાથે વાણી, વર્તન ને વ્યવહાર સાથે સમજણનો સેતુ રચવાનો સમય આવી ગયો છે. સંતાનોમાં આત્મવિશ્વાસ જાગે, અને સફળતાની પગદંડી પર જીવનની સફર કરતાં રહે તેના માટે હંમેશા **''બેટા! તું શ્રેષ્ઠ બનજે, તારું નામ રોશન કરજે''ના** આશીર્વાદથી જ મીઠો મધુરો સંબંધ રાખવાનો જરૂરી બને છે.

ક્યારેક મુંઝવણભરી સ્થિતિમાં સંતાનોને પિતાના પ્રેમાળ હાથ અને સાથની જરૂર હોય તેવા સમયે સંતાનો પર ક્રોધ કરો, તેમની ટીકા કરી અને બિન-જરૂરી સલાહ-સૂચનો આપીને અપમાનિત કરો તો એ સંબંધો સચવાતા નથી તેમાં તિરાડ પડે છે.

કેલિફોર્નિયાની એક કંપનીમાં કામ કરતાં એક પિતાએ એક રિબિન પોતાન ૧૪ વર્ષના પુત્રને આપી. તે રિબનમાં લખેલું હતું. **''મારાં જીવનમાં પરિવર્તન લાવનારને''** પિતાએ પુત્રને કહ્યુ; બેટા, મને ઘણું કામ રહે છે, તેથી હું ઘરમાં તારા પર ધ્યાન આપી શકતો નથી તને ઓછા માર્કસ મળે કે, તારો રૂમ અવ્યવસ્થિત હોય તો હું તારા પર ગુસ્સો કરું છું પણ દીકરા, આજે મારે તને કહેવું છે કે, તે મારા જીવનમાં પ્રકાશ ભરી દીધો છે. ''તું અદભુત બાળક છે,'' I Love you more then anybody else અને પિતાએ પુત્રના શર્ટ પર હૃદય પાસે રિબન લગાવી.

દીકરાની આંખમાંથી આંસુ વહેવા માંડ્યા. ''ડેડ, હું તમને કદી ખુશ કરી શકતો ન હતો મને લાગતું હતું કે, તમે મને નથી ચાહતા તેથી હું આત્મહત્યા કરવાનો હતો, પણ હવે હું જીવીશ ડેડ, I Love you to.

**''જેણે તમને ચણ આપ્યું...**
**જેણે તમને પાંખો આપી,**
**જેણે તમને સ્વપ્ન આપ્યા..**
**જેણે તમને ઉડ્ડયન આપ્યું..**
**એ પિતાને તમારું આકાશ તમને મળે ત્યારે ભૂલી ન જતા.''**

પપ્પાને યાદ કરવા, પ્રેમ અને વહાલ કરવા માટે ફાધર્સ ડે સ્પેશિયલ ઈંતેજાર કરવો જરૂરી નથી. સાચા અર્થમાં તેમને આદર આપો, કોઈ બીજાની હાજરીમાં કે એકાંતમાં પણ તેમનું અપમાન ન કરો. અવગણના ના કરશો. તેમને પણ લાગણી બતાવવાની એક તક આપો. પ્રેમ આપો, અહેસાસ થવા દો;

My Dear Papa I Love you so much.

**''પાપા કહેતે હૈ, બડા નામ કરેગા, બેટા હમારા ઐસા કામ કરેગા.''**

❑ ભારતી શાહ


## પાટણ પ્રતિબિંબ જાહેરાત દર ફેરફાર

| સાઈઝ | બ્લેક એન્ડ વાઈટ | ચાર કલર |
|---|---|---|
| સીંગલ સ્પેસ 9x3.75 સે.મી. | ૧,૨૫૦/- | ૧,૫૦૦/- |
| ડબલ સ્પેસ 9x7.5 સે.મી. | ૨,૫૦૦/- | ૪,૦૦૦/- |
| ચાર સ્પેસ 18 x 8 સે.મી. | ૫,૦૦૦/- | ૬,૫૦૦/- |
| અડધુ પાનું 18x12 સે.મી. | ૭,૫૦૦/- | ૯,૦૦૦/- |

❑ સંપાદક સમિતિ

# યુદ્ધ અને ખુવારી

અસીમ આકાશની ઓથે આખુ વિશ્વ સુરક્ષિતતાની લાગણી અનુભવતું રહે છે. નાના-મોટા ગ્રહો તેના ધરીની આસપાસ નિરંતર પરિભ્રમણ કરતા રહે છે, જેના પરિણામે જ નિયત સમયે સૂર્યોદય થાય જે ધીમે ધીમે પુર્ણ ઝળહળી સૂર્યાસ્તમાં ફેરવાય છે, અને સંધ્યાની લાલીમાએ આકાશમાં નિતનવી રંગોળી રચાય છે. જે ચંદ્રોદય આગમનની છડી પોકારે છે અને શશીધર તેની પૂનમથી અમાસ પર્યંતની કળાઓ દર્શાવી પુનઃ આદિત્યને આવકારવા તૈયાર થાય છે.

વૃક્ષની ડાળીએ ખીલેલ પુષ્પ ધીમે ધીમે પાંગરી આસપાસ સૌરભની લહેર ફેલાવી પાનખર આવતા ધરા મિલન કરે છે. ઋતુઓ અનુસાર ફળો આવતા રહે છે. પક્ષીઓ મૃદુ સ્વરના કલરવ સાથે પરોઢથી આકાશમાં વિહાર કરી પુનઃ સંધ્યાટાણે પોતાના ઘોસલામાં આવી વિશ્રામ લે છે, દુધાળા ઢોરો દિવસભર અહીં તહીંનો ચારો ચરી ગોરજ સમયે ખૂટે બંધાઈ દૂધના બોઘેણાઓ છલકાવી જાય છે.

સમુદ્રના ઉછળતા મોજાઓ વિવિધ ઉદધી તરંગો સાથે કિનારે અફડાઈ નામશેષ થઈ જાય છે, પણ એક મનુષ્ય જ એવો માથાનો ફરેલ છે જેના હરઘડી-હરપળે વિચારો બદલાયા કરે છે અને તેની સાથોસાથ નિયતી પણ બદલાય છે ! તેની પાસે જે છે તેને નજર અંદાજ કરી જે નથી તે મેળવવા હવાતીયા મારે છે. અને તેના પરિણામ સ્વરૂપ હૃદયમાં ઈર્ષા, દ્વેષ, વૈરમનસ્યના બીજ રોપાય છે, જે અંકુરમાંથી ફલીત થઈ ધીમે ધીમે વટવૃક્ષનું સ્વરૂપ ધારણ કરે છે.

ધન-સંપત્તિ-રાચ-રચીલુ-મોજ શોખના સાધન - અસ્કયામતો વગેરે મેળવવાની મનુષ્યની એષણાઓને તો પહોંચી શકાય પણ તે જ્યારે કો'ક રાષ્ટ્રના હોદ્દા ઉપર આરૂઢ હોય ત્યારે આસપાસના દીન-કમજોર રાષ્ટ્રો ઉપર કબ્જો મેળવવાની ઘેલછા તરફ ઢસડાય ત્યારે યેન-કેન-પ્રકારેણ શસ્ત્ર સરંજામના સથવારે હુમલો બોલાવી દે છે, જેના પરિણામે તા. ૨૮-૦૭-૧૯૧૪ થી તા. ૧૧-૧૧-૧૯૧૮ સુધી રચાયું પ્રથમ વિશ્વયુદ્ધ અને તા. ૦૧-૦૯-૧૯૩૯ થી તા. ૦૨-૦૯-૧૯૪૫ દરમ્યાન થયું બીજુ વિશ્વ યુદ્ધ.

યુદ્ધ એટલે નિર્દોષ નર સંહાર, નર્યો રક્તપાત, રણભૂમિ ખાતે જ્યાં નજર ફેરવો ત્યાં હાડ-માંસના ખડકલાઓ અને લોહીના ખાબોચીયા, જેની જયાફત માણવા ગીધડાઓ પણ કચવાટ અનુભવતા હોય છે.

૮૪ લાખ જીવ યોનીમાં કેટલીય વખત પરિભ્રમણ કર્યા પશ્ચાત કો'ક ભવના પૂણ્યોદયના પરિણામે મનુષ્ય જન્મ પ્રાપ્ત થાય છે અને એક યુદ્ધના આરંભથી અંત પર્યંત કેટલાય જીવો હણાયા છે, શેષ રહેલા ઘરબાર વિહોણા થઈ જાય છે, કેટલીય જીવીત રહેલ સ્ત્રીઓના શીયળ લૂટાય છે, કેટલાય શહેરો કે ઉપનગરો વિશ્વના નકશામાંથી બહાર ફેકાઈ જાય છે. એવું નથી કે યુદ્ધ દરમ્યાન પશુ-પક્ષીઓ સુરક્ષિત હોય છે, તે પણ માથા ફરેલ ધૃષ્ટ માનવવધના એકમાત્ર ધ્યેયને પરિણામે કર્મની કઠણાઈવશ ખુવાર થઈ જાય છે.

કહેવાય છે કે, હાર્યો જુગારી બમણું રમે તે ન્યાયે કોઈપણ યુદ્ધ આખરી યુદ્ધ નથી હોતું. ત્યારબાદ સ્થપાયેલ શાંતિ ક્ષણિક જ પુરવાર થતી હોય છે અને એકાદ અંતરાલના વિરામ બાદ નવી રણનિતી સાથે પુનઃ યુદ્ધ ઉદ્‌ગમની જનેતા બનતી હોય છે.

સને ૧૯૪૫માં તા. ૬ થી તા. ૯ ઓગસ્ટ દરમ્યાન જાપાનના હીરોશીમાં અને નાગાસાકી શહેરો ઉપર અમેરિકા દ્વારા થયેલ મહાવિનાશક હુમલાઓ બાદ લગભગ ચાર લાખ જીવો હોમાઈ ગયેલા. આ સ્તરે બિલકુલ ખુવાર થઈ ગયેલ જાપાન હાર માની ત્યાંજ બેસી ન રહેતા ફીનીક્સ પંખીની માફક પુનઃ ઊઠી સફળતા મેળવવાની દિશામાં અખંડ આગેકુચ કરતા ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો તથા અન્ય ક્ષેત્રોના ઉત્પાદનોમાં હરણફાળ ભરી આજે વિશ્વના પ્રથમ હરોળના રાષ્ટ્રોમાં પોતાનું સ્થાન નિશ્ચિત બનાવવા શક્તિમાન રહ્યું છે.

ક્યારેક શાંત મને વિચારતા હાસ્યાસ્પદ લાગે કે સામાન્યતઃ વિશ્વભરના તમામ રાષ્ટ્રો અમન-શાંતિની ભાવના રાખતાં હોય છે પણ શસ્ત્રોના સૌદાગરો પાસેથી શસ્ત્ર સરંજામ ખરીદવા અરબો - ખરબો રૂપિયાનું બજેટ ફાળવતા હોય છે.

યુદ્ધની વાતોનું આલેખન થઈ રહ્યું છે, ત્યારે આપણા પડોશી દેશ દ્વારા પણ સને ૧૯૬૫, સને ૧૯૭૧ અને છેલ્લે સને ૧૯૯૯માં થયેલ છમકલાઓનો જડબાતોડ જવાબ આપતા ભારતે પણ રણસીંગુ ફુંકીને જળહળતી ફતેહ મેળવેલ છે જેનો ઉલ્લેખ પણ અત્રે અસ્થાને નહીં જ લેખાય.

યુદ્ધો તો અગાઉના કાળમાં પણ થયા હતા જેમાં મુખ્યત્વે ધૃતરાષ્ટ્રના પુત્રમોહના પરિણામે મહાભારત રચાયુ. જેમાં પાર્થસારથી શ્રીકૃષ્ણ રહ્યા હતા અને સીતા હરણ બાદ તેને પામવાના મિથ્યાભિમાનના પરિણામે રામાયણ રચાયેલ જેના સાક્ષી રહ્યા હતા શ્રીરામ. પરતુ આ બન્ને મહાયુદ્ધો ખરેખર તો વસુંધરા ઉપરથી અધર્મનો નાશ કરી ધર્મના સ્થાપન કાજે રહ્યા હતા. જ્યારે આજે તાલીબાન અને અફઘાનિસ્તાન યુદ્ધના દુદુંભીઓના સ્વર શમ્યાને હજુ જુજ સમય જ પસાર થયેલ ત્યાં રશિયા દ્વારા યુક્રેન ઉપર ચઢાઈ થઈ છે. ઉપરાંત છાશ વારે થતા ઈરાન-ઈરાકના યુદ્ધો પોતાના રાષ્ટ્રની સરહદ, સીમાઓને વધારવા તેમજ અન્ય રાષ્ટ્રો ઉપર આક્રમણ કરી તેની સીમાઓનું સંકુચન કરવા થઈ રહ્યા છે જે સર્વથા અનુચિત છે.

સર્જનહારે નિર્માણ કરેલ આ સમગ્ર સૃષ્ટિ ઉપર શ્વાસ લેવાનો અધિકાર સહુને એક સરખો છે તેમ છતાં અવારનવારના અમાનવીય કૃત્યોના કારણે તેના જ દ્વારા પુર, અતિવૃષ્ટિ, દુષ્કાળ, વાવાઝોડા, ભુકંપ જેવી કુદરતી આફતો આવ્યા જ કરતી હોય છે અને ખુવારીઓ પણ થયા જ કરતી રહે છે ત્યારે માનવ નિર્મીત આ યુદ્ધોની ખુવારીની આવશ્યકતા ખરી ? ? ?

કાશ... આવી અમાનવીય વિચારધારા ધરાવતા માનવને સદબુદ્ધિ સુજે અને આવા વિનાશકારી યુદ્ધોની વ્યુહરચના ભવિષ્યમાં નિર્માણ ના થાય તેવી અંતરની શુભેચ્છાઓ.

અને છેલ્લે...

''જન - જન અંતરનો એકજ સાદ,
બંધ કરો હવે આ યુદ્ધોના શંખ નાદ... !''

❑ **જ્ઞાનેશ જયચંદ લાપસિયા**

## સૂરિ પ્રદાન ઉત્સવ

મૂળ વતન પાટણ, મહાલક્ષ્મી માતાનો પાડો, સંસારી માતા : શ્રીમતી મધુબેન પ્રવિણચંદ્ર શાહ

જિનશાસનની આરાધના - પ્રભાવના - સુરક્ષાથી પ્રખ્યાત થયેલ, સૂરિ 'રામચંદ્ર'ની સૂરિપદ પ્રાપ્તિની પવિત્રભૂમિ શેઠ મોતીશા લાલબાગ, સી.પી.ટેન્કના આંગણે.. સૂરિચક્રવર્તી 'સૂરિરામચંદ્ર'ના ૧૦૮માં શિષ્ય રત્ન પૂજ્ય પન્યાસપ્રવર શ્રી હિતરત્ન વિગેરે ગણિવર્યનો સૂરિપદ પ્રદાન ઉત્સવ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજના આચાર્ય શ્રીમદ્ વિજય અજિતરત્નસૂરીજી મ.સા.ના વરદ હસ્તે વૈશાખ સુદ ૭, રવિવાર, તા. ૮ મે, ૨૦૨૨ના રોજ પૂજ્ય સાધુ ભગવંત, પૂજ્ય વિદુષી સાધ્વીજી ભગવંત અને સંઘની ઉપસ્થિતિમાં પદપ્રદાનનો અણમોલ અવસર ઉજવાયો હતો.

આ પ્રસંગ નિમિત્તે તેમની સંસારી બહેનો નીતાબેન હરેશકુમાર શાહ અને માલાબેન જયરાજ શાહ તરફથી શ્રી શક્રસ્તવ મહાઅભિષેકનું પૂજન રાખવામાં આવ્યું હતું. તેમનાં સંસારી માતા તરફથી શ્રી આચાર્યપદ પૂજા, શ્રી શાંતિસ્નાત્ર પૂજન આદિ અનુષ્ઠાનો ઉજવાયા હતા.

## સ્મૃતિ સથવારે...

મદમસ્ત હવા વૃક્ષથી પર્ણ ખેરવી ગઈ,
સ્મરણો કેરી સોગાદ મનડું વલોવી ગઈ,
પ્રેમ ઝર્યા નયનથી પાંપણો ઘેરાઈ ગઈ,
સંતૃપ્તિ કેરી ગઝલ સ્મૃતિ તાજી કરી ગઈ...
સભા આખી વાહ કરી આફ્રીન પોકારી ગઈ,
ધૂંધલી પ્રત્યેક ક્ષણો બલખાતી ચાલી ગઈ,
ગેસૂ સર્યા શ્યામ, ને ચાંદની શરમાઈ ગઈ,
સોળે કળાએ ખીલીને સ્મૃતિ તાજી કરી ગઈ...
ઉત્તાંગ ઘટા ઝૂકી સૌને કંગાળ કરી ગઈ,
અમીરી નમણાસની, નમી હૈયે વસી ગઈ,
ઉષામાં નિશા ઢળી રહી, શમા જલતી ગઈ,
મદહોશીના આલમે સ્મૃતિ તાજી કરી ગઈ...
વર્ષો વિત્યા રસધારે સંધ્યા પાછી ખીલી ગઈ,
કાળી ઘેલી મૈત્રીની મિરાત પાછી જામી ગઈ,
અશ્રુધારા પાલવ આરપાર નીતરી ગઈ,
ઝાંકળે તાપસી પૂરી, સ્મૃતિ તાજી કરી ગઈ...

**મ.ને.**


## ઉત્કૃષ્ટ, સ્વાદિષ્ટ તથા પૌષ્ટિક જૈન ભોજન માટે અવશ્ય પધારો

**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ** સંચાલિત

**શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

### નૂતન સહાય યોજના

- **મુખ્ય આધાર સ્થંભ: રૂા. ૩,૧૧,૦૦૦/-** • **સહાયક આધાર સ્થંભ: રૂા. ૧,૧૧,૦૦૦/-**
- **દાતા ફોટો યોજના: રૂા. ૫૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળામાં મૂકવામાં આવશે.
- **રૂા. ૪૦,૦૦૦/-** એક સાધર્મિકને ૧ વર્ષ માટે રોજના બે સમય ભોજન માટે.
- **વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના: રૂા. ૫,૦૦૦/-** ચતુર્વિધ સંઘ સહાયક ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.
- તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીઓના નામ લખવામાં આવશે.

**સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘની ગણના પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે.
એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે.
આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સેવાનું ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

ADVT

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ - મો. ૯૮૨૧૦૩૫૦૧૧**

**સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ✻ મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ**

**ખાસ નોંધ: ભોજનશાળામાં થયેલ તદ્દન નવી વ્યવસ્થા**

**સંપૂર્ણ બદલાયેલ વ્યવસ્થાપકો અને કર્મચારીઓ તથા અનુભવી રસોઈયા થકી બનાવેલ સ્વાદિષ્ટ, શુદ્ધ, સાત્વીક તથા પૌષ્ટિક ભોજન માટે રૂબરૂ મુલાકાત લઈ અવશ્ય ખાતરી કરો.**

## શ્રી પાટણ જૈન વિશા શ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજક જ્ઞાતિ ટ્રસ્ટ

છેલ્લા ચાર વર્ષથી ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિ પરિવારના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય આવવામાં આવે છે.

સને ૨૦૨૧-૨૨ના વર્ષમાં ૪૪ વિદ્યાર્થીઓ રૂા. ૧૮,૦૦૦/- પ્રમાણે અને એજ પરિવારના બીજા ૧૨ વિદ્યાર્થીઓને રૂા. ૧૨,૦૦૦/- પ્રમાણે શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી. સને ૨૦૨૨-૨૦૨૩ના વર્ષ માટે શિષ્યવૃત્તિ આપવાનું નિર્ધારિત કરેલ છે.

આપશ્રી નીચે જણાવેલ ટ્રસ્ટીઓનો સંપર્ક કરી એપ્લિકેશન ફોર્મ મેળવી લેવા વિનંતી છે, ફોર્મ સ્વીકારવાની અંતિમ તારીખ ૩૧ ઓગસ્ટ-૨૦૨૨ છે, તેની નોંધ લેવા વિનંતી.

**ટ્રસ્ટી ગણ**

૧. શ્રી મહેન્દ્રભાઈ હિરાલાલ શાહ - ૭૦૨૧૫૫૪૫૦૭
૨. શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - ૯૮૨૧૦૧૨૫૧૮
૩. શ્રી ભરતભાઈ દલપતભાઈ શાહ - ૯૮૨૦૧૫૭૦૭૭
૪. શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ - ૯૯૩૦૮૯૧૯૮૫
૫. શ્રી મયંકભાઈ બાબુલાલ શાહ - ૯૮૨૧૧૫૦૪૪૫
૬. શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ - ૯૮૨૦૦૬૪૬૬૮

ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પ્રવિણભાઈ સારાલાલ નગરશેઠ તથા ટ્રસ્ટી શ્રી ચીનુભાઈ નેમચંદ શાહના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લેતા ટ્રસ્ટબોર્ડ અત્યંત દુ:ખની લાગણી અનુભવે છે. તેમનો આત્મા ચિર:શાંતિ પામે તેવી પ્રભુને પ્રાર્થના.

## પાટણ જૈન વિદ્યાર્થીઓ જોગ

❖ **શ્રી મહાવીર જૈન વિદ્યાલય - અંધેરી શાખામાં માફી વિદ્યાર્થી યોજના અનુસાર દાતાશ્રી ડૉ. યશવંતભાઈ હરિલાલ ઝવેરીની** એક માફી વિદ્યાર્થી સીટ આ વર્ષે ખાલી થવા પામેલ છે, તો સમાજના જે કોઈ વિદ્યાર્થી મહાવીર જૈન વિદ્યાલયમાં રહી અભ્યાસાર્થે દાખલ થવા ઈચ્છતા હોય તેઓએ **ડૉ. યશવંતભાઈ ઝવેરી (વિલેપાર્લા) મો. ૯૮૨૦૦૮૮૯૯૭ સંપર્ક કરવો.**

❖ **શ્રી મહાવીર જૈન વિદ્યાલય - કન્યા છાત્રાલય પૂના** ખાતે રહીને ધો. ૧૦ થી ઉપર અભ્યાસ કરવા ઈચ્છુક કન્યા - વિદ્યાર્થીનીને નિ:શુલ્ક પ્રવેશ આપવાની યોજના અનુસાર **દાતાશ્રી શ્રીમતી ગુણવંતીબેન પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહની** માફી વિદ્યાર્થી સીટ માટે સંસ્થાની શરતો મુજબ લાભ લેવા ઈચ્છુક બહેનોએ **શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ - ૨૨૮૧૭૫૫૯ સંપર્ક કરવો.**

❖ **શ્રી મહાવીર જૈન વિદ્યાલય - કન્યા છાત્રાલય બરોડા** ખાતે રહીને ધો. ૧૦ થી ઉપર અભ્યાસ કરવા ઈચ્છુક કન્યા - વિદ્યાર્થીનીને નિ:શુલ્ક પ્રવેશ આપવાની યોજના અનુસાર **દાતાશ્રી શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાળા પરિવાર (પાટણ)ની** માફી વિદ્યાર્થી સીટ માટે સંસ્થાની શરતો મુજબ લાભ લેવા ઈચ્છુક બહેનોએ **શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ - ૯૯૩૦૮૯૧૯૮૫ સંપર્ક કરવો.**








**ખુશ ખબર... ખુશ ખબર... ખુશ ખબર**

મહારાષ્ટ્ર પુના ખાતે ચોઈસ ગ્રુપ (પાટણવાળા)નું નવું નજરાણુ/નવી ભેટ.
નિવૃત્ત થયેલ લોકો માટે, દીકરા-દીકરીઓ પરદેશ ગયેલા હોવાથી
એકલા થયેલા વ્યક્તિઓ માટે પોતાના જ ઘરમાં રહેતા હોય એવા
અહેસાસ સાથે, ઘર જેવા વાતાવરણમાં રહેવા માટે -
''સિનિયર સિટીઝન હોસ્ટેલ'' આપની સેવા માટે શરૂઆત / સ્થાપના કરી છે.
૦ ફર્નિશડ્ રૂમ, એટેચ ટોયલેટ, એરકંડીશન, પંખો, દરેકને ગમે તેવું સ્વાદિષ્ટ ભોજન, ચા-પાણી-નાસ્તો.

**આ વૃદ્ધાશ્રમ નથી પણ સુવર્ણઘર છે**

જ્યાં તમારા ઉપર કોઈપણ જાતના બંધન નથી, ફક્ત ખાઓ-પીઓ ને મજા કરો.
એક દિવસ, અઠવાડિયું, મહિનો અથવા કાયમી વ્યવસ્થા. જેવી તમારી જરૂરિયાત હશે
એવી વ્યવસ્થા કરી આપવામાં આવશે.

**''સિનિયર સિટીઝન હોસ્ટેલ''**

Add.: Choice Hostel for Senior Citizen. .. 140/6 Warje Annexe to Kothrud,
Off Karve Road, Warje Malwadi. • Website - Choice Group Pune

**Mobile No. : 9822307220 / 8830595687**

ADVT

# સુવિચારની સુવાસ

બોબી નામે એક તેર વર્ષના પુત્રે તેના પપ્પા હેન્રી હિલને પૂછ્યું, પપ્પા મને પાંચ ડોલર આપશો? ત્યારે હેન્રી હિલને નવાઈ લાગી, તેણે પ્રેમથી પૂછ્યું, ''બોબી, પાંચ ડોલરની કેમ જરૂર પડી? તારે કાંઈ ખરીદી કરવી છે? બોબીએ કહ્યું, ''હું એમાંથી થોડી દવાઓ ખરીદી ડોક્ટર આલ્બર્ટ શ્વાઈત્ઝરને મોકલવા ઈચ્છું છું.'' પિતાને બાળકની લાગણી માટે માન થયું. તેણે ખુશ થઈને બોબીને પાંચ ડોલર આપ્યા. પરંતુ સાથે એક ચિંતા વ્યક્ત કરી, ''બેટા, આ દવા તું આફ્રિકા પહોંચાડીશ કેવી રીતે?''

બોબીના પિતા હેન્રી હિલ નાટોના એર સાઉથ હેડ ક્વાટર્સમાં સાર્જન્ટ હતા અને નેપલ્સમાં ફરજ બજાવી રહ્યા હતા. ત્યાં શાળામાં અભ્યાસ કરતાં કરતાં એરિકા એન્ડરસનનું પુસ્તક ''ધ વર્લ્ડ ઓફ ડો. આલ્બર્ટ શ્વાઈત્ઝર'' વાંચ્યુ હતું. ડૉ. શ્વાઈત્ઝર બિનગોરી આફ્રિકન પ્રજા માટે ત્યાંની હૉસ્પિટલમાં સેવાઓ આપતા.

ડૉ. પાસે સંપત્તિ નહોતી, સાધનો નહોતાં, સાથીઓ નહોતાં, દવાઓ પણ નહોતી માત્ર હૃદયમાં કરુણા અને પ્રેમ હતા. આફ્રિકન વાસીઓ માટે ગરીબ દરદીઓની સેવા કરવાની સતત ઈચ્છા રહેતી. ડૉ. ના સમર્પણની આ વાત તેર વર્ષના બોબીને સ્પર્શી ગઈ. જ્ઞાન જ્યારે આચરણમાં આવે છે ત્યારે સદ્‌ગુણનું બીજ રોપાય છે.

બોબીએ નાટોના એર સાઉથનાં જનરલ લિંડ્સેને એક પત્ર લખી મોકલ્યો. પત્રમાં લખ્યું હતું કે, ડૉ. શ્વાઈત્ઝર આફ્રિકાના લોકોની સેવા કરે છે. એમને મોકલવા માટે મને થોડી દવાઓ ખરીદી આપો અને તેમના સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરી આપો. ડૉ. શ્વાઈત્ઝર જ્યાં રહે છે ત્યાં તમારું વિમાન જવાનું હોય તો તે મારી દવાઓ તેમને પહોંચાડી શકે છે. કદાચ બીજા લોકો પણ દવા મોકલવા ઈચ્છતા હોય તેથી મેં આવો પત્ર લખ્યો છે, એ વિશે મેં મારા પિતાને જણાવ્યું નથી, પણ મને વિશ્વાસ છે કે તમે જરૂરથી મદદ કરી શકશો તો આભારી થઈશ. વળતા પ્રત્યુતરમાં જનરલ લિંડસેએ બોબીને પત્ર લખ્યો...

**પ્રિય બોબી,**

તારી દવાઓ ડૉ. શ્વાઈત્ઝરને જરૂર પહોંચાડી દઈશ. આ ઉપરાંત હું તારો પત્ર ઈટાલિયન રેડિયોને મોકલી આપીશ. જે તેના ''૨૪ કલાક'' કાર્યક્રમમાં સારા કાર્યોમાં સહાય કરવાની અપીલો પ્રસારિત કરે છે, તું નિરાશ થઈશ નહીં.

બીજાને મદદ કરવા ઈચ્છનારા લોકોનો દુનિયામાં તોટો નથી.

બોબી આનંદથી નાચી ઊઠ્યો. જનરલ લિંડસે જેવા મોટા માણસે પોતાના પત્રની નોંધ લીધી તેનો આનંદ થયો. નોંધ લીધી એટલું જ નહીં, જવાબ પણ આપ્યો અને દવાઓ પહોંચાડવાની ખાતરી પણ આપી. નાના બાળકના નાનકડાં સારા કાર્યનું ઘણીવાર મોટું પરિણામ આવે છે.

બીજા જ દિવસે બોબીનો પત્ર ઈટાલિયન રેડિયો પરથી અંગ્રેજી, ઈટાલિયન, ફ્રેન્ચ અને જર્મન ભાષામાં પ્રસારિત થયો, પરંતુ નાના બોબીને નવાઈ તો ત્યારે લાગી જ્યારે ઈટાલિયન રેડિયો સ્ટેશનના ડિરેક્ટર તરફથી તેને રેડિયો સ્ટેશનમાં આવી પોતાની અપીલ રજૂ કરવા આમંત્રણ મળ્યું. બોબીને તેના પિતા હેન્રી હિલ રેડિયો સ્ટેશન પર લઈ ગયા. બોબીએ પોતાની સાવ સરળ ભાષામાં ડૉ. શ્વાઈત્ઝરના માનવતા કાર્યમાં દવાઓ આપી મદદ કરવા અપીલ કરી. એક દુભાષિયાએ તેની અપીલનું ભાષાંતર કર્યું અને બોબીની આ અપીલ કરી. એક દુભાષિયાએ તેની અપીલનું ભાષાંતર કર્યું અને બોબીની આ અપીલ પળવારમાં તો લાખો લોકો સુધી પહોંચી ડૉ. આલ્બર્ટ શ્વાઈત્ઝરને એક તાર મળ્યો તાર વાંચી ડૉક્ટરને નવાઈ લાગી હતી.

''ઈટાલીની પ્રજા દ્વારા આપને ભેટ આપવામાં આવેલ નવ હજાર રતલ વજનની દવાઓ આપ ક્યારે સ્વીકારશો?'' ડૉ. ને ખૂબ જ આશ્ચર્ય થયું આટલો મોટો દવાનો જથ્થો કોણે ભેગો કર્યો હશે? કોણે પ્રેરણા આપી હશે? આ મુંઝવણનો જવાબ તેઓએ જનરલ લિંડસે પાસેથી જાણ્યો કે એક નાના તેર વર્ષના બોબીની પ્રેરણાથી આટલી દવાઓનો સંગ્રહ થઈ શક્યો છે, ત્યારે ડૉક્ટરને અનહદ આનંદ થયો અને બોબીને મળવાને ઈચ્છા પ્રગટ કરી.

બોબીની અપીલ ચાર ભાષામાં પ્રસારિત થવાથી જનસમાજ પર જાદુઈ અસર થઈ. બાળકની નિર્દોષતામાંથી પ્રગટેલી કરૂણાની ધારામાં સૌ શ્રોતાઓના હૈયા ભીંજાઈ ગયા.

અપીલના પ્રતિભાવમાં પાંચ લાખ ડોલરની દવાઓ નેપલ્સ આવી પહોંચી મોટા ભાગની દવાઓ બ્રાન્ડેડ કંપની તરફથી મળી અને બીજી નાગરિકો તરફથી મળી. નિષ્ણાંત ડૉક્ટરોની એક સમિતિએ દવાઓ તપાસીને મોકલી આપી.

બોબીની જેમ બીજા પચાસ બાળકોએ પોતાના પોકેટમની માંથી રોકડા પૈસા મોકલાવ્યા હતાં.

ડૉ. શ્વાઈત્ઝરે બોબીને મળવા આમંત્રણ મોકલ્યું ત્યારે ખબર પડે કે બોબી નિગ્રો છે. બોબીને પણ નવાઈ લાગી કે આવા મહાન ડૉક્ટર મારા જેવા એક સામાન્ય બાળકને મળવા ઈચ્છા રાખે છે. થોડા પત્રકારો, નાટોના કેટલાંક અધિકારીઓ અને કર્મચારીઓ સાથે બોબી ફ્રેંચ હવાઈ દળના વિમાનમાં લેમ્બેરન જવા રવાના થયો સાથે દવાઓનો જથ્થો લઈને હવાઈ જહાજ રવાના થયું. નેપલ્સથી લેમ્બેરેનની ફ્લાઈટ સોળ કલાકની હોવાથી વચ્ચે નાઈજીરિયાના કાનો એરપોર્ટ પર કાફલો રોકાયો. ''નાઈજીરિયા ટાઈમ્સ''માં પણ બોબીની હકીકત ફોટા સાથે છપાઈ હતી. ત્યાં લોકો તેને ઓળખી જતાં બોબીને માથે પ્રશંસાના પુષ્પોનો વરસાદ થયો.

તા. ૧૭ જુલાઈ ૧૯૫૮ના દિવસે બોબી જ્યારે લેમ્બેરેનની હવાઈ પટ્ટી પર ઉતર્યો ત્યારે સાદા કપડામાં ડૉક્ટર સાહેબ મહેમાનોને સત્કારવા ઊભા હતા, જેવો બોબી વિમાનમાંથી ઉતર્યો તેવા ડૉક્ટર સામે ગયા અને માનપૂર્વક નીચા નમી બોબીને તેમણે ચૂમી લીધો અને એટલું જ બોલ્યા, ''કેવો મજાનો છોકરો છે? બોબી કાંઈ બોલી ન શક્યો તેની આંખમાં આંસુ માત્ર હતા.

૧૩ વર્ષના મહેમાન સાથે ૮૬ વર્ષના ડૉ. શ્વાઈત્ઝરે હૉસ્પિટલમાં બધા દર્દીઓ સાથે અને અન્ય મહેમાનો સાથે બોબીની ઓળખાણ કરાવી અને દવાઓ કેવી રીતે ભેટમાં મોકલી તે જણાવ્યું. ત્રણેક દિવસની મહેમાનગતી માણ્યાબાદ બોબી જ્યારે પાછો ફરતો હતો ત્યારે ડૉ શ્વાઈત્ઝરે તેના હાથમાં એક સીસમના લાકડાનું બોક્સ

**વધુ માટે જુઓ પાનું નં. ૨૨**

# સાભાર સ્વીકાર

**મેડિકલ સહાય ભેટ :**

૧૦,૨૫,૦૦૦/- શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
૧૦,૨૫,૦૦૦/- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
૨૫,૦૦૦/- શ્રીમતી રીટાબેન રાજેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
૧૧,૦૦૦/- શ્રીમતી ઉષાબેન શશિકાંતભાઈ શાહ સ્વ. શ્રી શશિકાંતભાઈ ભોગીલાલ શાહના આત્મશ્રેયાર્થે (કોકાનો પાડો) હ. જોલીબેન, કલ્પેશભાઈ, બેલાબેન, દેવાંગભાઈ, ભાવી, કેવીનભાઈ

**મેડિકલ સહાય / શિક્ષણ સહાય / સમાજ ઉત્કર્ષ સહાય ભેટ :**

૯,૦૦,૦૦૦/- શ્રીમતી સુરેખાબેન જશવંતલાલ શાહ (ભાભાનો પાડો)

**મેડિકલ સહાય / શિક્ષણ સહાય ભેટ :**

૯,૦૦,૦૦૦/- શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ પોપટલાલ શાહ (કુંભારીયા પાડો)
૯,૦૦,૦૦૦/- શ્રી સોનીરભાઈ મહેન્દ્રકુમાર સાંડેસરા (કેશુશેઠનો પાડો)
૧,૨૫,૦૦૦/- શ્રી વિજયભાઈ નવનીતલાલ શાહ (ભાભાનો પાડો)
૧,૨૫,૦૦૦/- શ્રી સુરેશચંદ્ર હીંમતલાલ શાહ (શામળાજીની શેરી)

**સમાજ ઉત્કર્ષ ભેટ :**

૧,૨૫,૦૦૦/- શ્રી અમીતભાઈ ચંદ્રકાંતભાઈ ઝવેરી, (કેશુશેઠનો પાડો)
૧,૦૦,૦૦૦/- શ્રીમતી રશ્મીબેન પૃથ્વીરાજ શાહ (મનમોહનજીની શેરી)

**(માસિક રૂા. ૧,૦૦૦/- મુજબ બે વર્ષના કુલ રૂા. ૨૪,૦૦૦/-નું દાન આપનાર)**

૨૪,૦૦૦/- શ્રી જીમીતભાઈ કમલેશભાઈ શાહ (કનાસાનો પાડો)
૨૪,૦૦૦/- શ્રી કૌશિકકુમાર સૂર્યકાંતભાઈ શાહ (કનાસાનો પાડો)
૨૪,૦૦૦/- શ્રી ધ્રુમીલ દાનેશભાઈ શાહ (કનાસાનો પાડો)
૨૪,૦૦૦/- શ્રીમતી શ્વેતા ધ્રુમીલ શાહ (કનાસાનો પાડો)
૨૪,૦૦૦/- શ્રી પ્રીશિકાબેન ધ્રુમીલભાઈ શાહ (કનાસાનો પાડો)
૨૪,૦૦૦/- શ્રી હર્ષભાઈ ભાગ્યેશભાઈ શાહ (કનાસાનો પાડો)
૨૪,૦૦૦/- શ્રીમતી વૈભવીબેન હર્ષભાઈ શાહ (કનાસાનો પાડો)
૨૪,૦૦૦/- શ્રી મીતભાઈ સુકેશભાઈ શાહ (કનાસાનો પાડો)
૨૪,૦૦૦/- શ્રી નીરાલીબેન મીતભાઈ શાહ (કનાસાનો પાડો)
૨૪,૦૦૦/- શ્રી ફોરમબેન ધીરેનભાઈ શાહ (કનાસાનો પાડો)
૨૪,૦૦૦/- શ્રી બ્રીન્દાબેન ધીરેનભાઈ શાહ (કનાસાનો પાડો)
૨૪,૦૦૦/- શ્રી નરેશભાઈ મોહનલાલ શાહ (કનાસાનો પાડો)

**આર્થિક સહાય :**

૧,૫૦,૦૦૦/- શ્રી મરીનડ્રાઈવ જૈન સાધર્મિક ફાઉન્ડેશન

**આર્થિક સહાય / મેડિકલ સહાય ભેટ :**

૧,૨૫,૦૦૦/- શ્રી દિવ્યેશભાઈ ચંપકલાલ શાહ (વીમાવાળા) હ. શ્રીમતી સંગીતાબેન દિવ્યેશભાઈ શાહ, ચાર્મીબેન હર્ષિતભાઈ શાહ, કવીશભાઈ, કોમલબેન ઋષિતભાઈ

**મેડિકલ સહાય / વૃદ્ધજન સહાય ભેટ :**

૧,૨૫,૦૦૦/- શ્રીમતી કલ્પાબેન દેવેન્દ્રભાઈ ભોગીલાલ શાહ (તંબોલી વાડો)

**શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૧,૨૫,૦૦૦/- શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર શાહ (શામળાજીની શેરી)

**સુવિચારની સુવાસ પાના નં. ૨૧ ચાલુ**

ગિફ્ટમાં આપીને માત્ર એટલું જ કહ્યું કે, ''ઘરે જઈને તારી મમ્મીને આ ભેટ આપજે.''

બોબીએ ઘરે આવીને પોતાની મમ્મીને બધી વાતો કરી, ગિફ્ટ બોક્સ આપ્યું મમ્મીએ તે ખોલ્યું ત્યારે તેમાંથી માત્ર એક નાની ચીઠ્ઠી મળી જેમાં એક સુંદર મજાનું વાક્ય હતું, ''બોબીને જન્મ આપનાર માતાને મારા પ્રણામ.''

મિત્રો ચાલો, આપણે સહુ સાથે મળીને આવા માનવસેવાના કાર્યો દ્વારા આપણું જીવન સુવાસિત બનાવીએ.

**સંકલનઃ ભારતી શાહ**

# શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરઃશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| સાંડેસરા | કેશુશેઠનો પાડો | જશવંતલાલ ચીમનલાલ સાંડેસરા | ૯૦ | દાદર | ૧૦-૦૪-૨૨ | ચૈત્ર સુદ ૦૯ |
| દશા ઓસવાલ | વખતજીની શેરી | હસુમતીબેન સૂર્યકાંતભાઈ શાહ | ૮૩ | ગોરેગામ | ૧૯-૦૪-૨૨ | ચૈત્ર વદ ૦૩ |
| દશા શ્રીમાળી | કોકાનો પાડો | ડિમ્પલબેન બિરેનભાઈ શાહ | ૪૮ | વિલેપાર્લા | ૨૩-૦૪-૨૨ | ચૈત્ર વદ ૦૮ |
| સાંડેસરા | કેશુશેઠનો પાડો | હિંમતલાલ પ્રેમચંદ શાહ | ૮૯ | ગોરેગામ | ૨૭-૦૪-૨૨ | ચૈત્ર વદ ૧૨ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | મંજુલાબેન રમેશચંદ્ર શાહ | ૮૭ | ભાયંદર | ૨૮-૦૪-૨૨ | ચૈત્ર વદ ૧૩ |
| વિશા શ્રીમાળી | માર. મહેતાનો પાડો | મનીષા કૌશલભાઈ શાહ | ૪૯ | ગોરેગામ | ૦૨-૦૫-૨૨ | વૈશાખ સુદ ૦૨ |
| વિશા શ્રીમાળી | ડંકમહેતાનો પાડો | સુમિત્રાબેન વિજયકુમાર શાહ | ૮૩ | પ્રાર્થનાસમાજ | ૦૪-૦૫-૨૨ | વૈશાખ સુદ ૦૩ |
| દશા શ્રીમાળી | કનાસાનો પાડો | સુહાસીની (પુષ્પાબેન) અરવિંદકુમાર | ૮૬ | મુંબઈ | ૦૫-૦૫-૨૨ | વૈશાખ સુદ ૦૪ |
| વિશા પોરવાલ | ઝવેરી વાડો | પલ્લવીબેન પ્રદિપકુમાર શાહ | ૬૭ | કાંદિવલી | ૧૧-૦૫-૨૨ | વૈશાખ સુદ ૧૦ |

* ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

## શ્રી પાટણ જૈન મંડળ
## ''નૂતન સમાજ ઉત્કર્ષ સહાય ફંડ યોજના'' રૂા. ૧.૨૫ લાખનું દાન આપનાર દાતાઓ



શ્રી સુરેશચંદ્ર હિંમતલાલ શાહ (શામળાજીની શેરી)



શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર શાહ (શામળાજીની શેરી)



શ્રી રાહુલભાઈ દિનેશભાઈ શાહ (પોળની શેરી)



શ્રી પરેશભાઈ દિનેશભાઈ શાહ (પોળની શેરી)



શ્રી દિવ્યેશભાઈ ચંપકલાલ શાહ વીમાવાળા (શાંતિનાથની શેરી)



શ્રીમતી કલ્પાબેન દેવેન્દ્રભાઈ શાહ (તંબોલી વાડો)



શ્રી વિજયભાઈ નવનીતલાલ શાહ (ભાભાનો પાડો)



CA. શ્રી અમીતભાઈ ચંદ્રકાંત ઝવેરી (કેશુશેઠનો પાડો)

## માસીક રૂા. ૧,૦૦૦/- મુજબ કુલ રૂા. ૨૪,૦૦૦/-નું દાન આપનાર દાતાશ્રીઓ (દરેક કનાસાના પાડાના)

| | | |
|---|---|---|
| શ્રી જીમીતભાઈ કમલેશભાઈ શાહ | શ્રી કૌશિકભાઈ સૂર્યકાંતભાઈ શાહ | શ્રી ધ્રુમીલ દાનેશભાઈ શાહ |
| શ્રી શ્વેતાબેન ધ્રુમીલ શાહ | શ્રી હર્ષભાઈ ભાગ્યેશભાઈ શાહ | શ્રી વૈભવીબેન હર્ષભાઈ શાહ |
| શ્રી મીતભાઈ સુકેશભાઈ શાહ | શ્રી નીરાલીબેન મીતભાઈ શાહ | શ્રી ફોરમબેન ધીરેનભાઈ શાહ |
| શ્રી બ્રીન્દાબેન ધીરેનભાઈ શાહ | શ્રી પ્રીશીકાબેન ધ્રુમીલભાઈ શાહ | શ્રી નરેશભાઈ મોહનલાલ શાહ |

## Shree Patan Jain Mandal

announces its inaugural season of

### SOMIRA PCL - Patan Cricket League (Box Cricket) Season 1.0

It will be comprised of 16 teams. 4 teams divided in 4 different groups,
where each team will play against each other twice.
This will be followed by knockout stages on the following weekend.
Players can register individually or else u can register as team.
Each team should have a squad of 10 players.
The individual players will be allocated the team by the sports commitee.
Registration amout per player will be Rs 300/- and Registration amout for team wil be 23000/-
(team registration 20000 + 3000 players registration)
We will be providing players T shirts , snacks and various gifts and trophies.
The rules of the tournament will be informed to the respective captain prior to the tournament
The link for registration will soon be forwarded in all respective Patan groups.
For any queries. Plsease Contact...

Players Age Limit 15 years & Above • Players Charges will be declared next Pratibimb

For any queries please contact:

**Mr. Kamleshbhai Champaklal Shah - 9820045595 • Mr. Vineshbhai Arvindbhai Shah - 9322256255**
**Mr. Pareshbhai Amrutlal Shah - 9820072631**

❑ **Sports Committee**

Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB ● May 2022 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## શ્રી પાટણ જૈન મંડળ

### ''નૂતન સમાજ ઉત્કર્ષ સહાય ફંડ યોજના''

### રૂા. ૯ લાખનું દાન નોંધાવનાર દાતાઓ

૧. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા)
૨. શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાળા)
૩. શ્રી રમણલાલ પોપટલાલ શાહ
૪. શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ
૫. શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ
૬. શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ
૭. શ્રી સૌરીનભાઈ રાજેશભાઈ શાહ
૮. શ્રી સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા
૯. શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ
૧૦. શ્રીમતી સુરેખાબેન જશવંતભાઈ શાહ
૧૧. સેવંતીલાલ કાંતિલાલ પરિવાર
૧૨. શ્રી દિનેશભાઈ શાંતિલાલ પોપટલાલ શાહ
૧૩. શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ
૧૪. બાબુ પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ
૧૫. બાબુ નાનકચંદજી પુરણચંદજી ટ્રસ્ટ

### રૂા. ૯ લાખનું દાન આપનાર દાતાશ્રીઓ


શ્રીમતી સુરેખાબેન
જશવંતલાલ શાહ
(ભાભાનો પાડો)


શ્રી સોનીરભાઈ
મહેન્દ્રભાઈ સાંડેસરા
(કેશુશેઠનો પાડો)


શ્રી દિનેશભાઈ
શાંતિલાલ શાહ
(પોળની શેરી)


શ્રીમતી સુધાબેન
દિનેશભાઈ શાહ
(પોળની શેરી)

### રૂા. ૧.૨૫ લાખનું દાન નોંધાવનાર દાતાઓ

૧. શ્રી સંજયભાઈ ભરતભાઈ શાહ
૨. શ્રીમતી હેતલબેન ધવલભાઈ શાહ
૩. શ્રી જે. ડી. શાહ પરિવાર
૪. શ્રી દિવ્યેશભાઈ ચંપકલાલ શાહ (વીમાવાળા)
૫. શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ
૬. શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ
૭. શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ
૮. શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ
૯. શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ
૧૦. શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ
૧૧. શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ
૧૨. શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ
૧૩. CA. શ્રી અમીતભાઈ ચંદ્રકાંતભાઈ ઝવેરી
૧૪. શ્રી વિજયભાઈ નવનીતલાલ શાહ

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,